વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ એકમ • ૧૫ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર • વર્ષ : ૧૫ • અંક : ૮૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮




અમદાવાદ શહેર ક્રિકેટના રંગે રંગાયું

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886






### હાઈવોલ્ટેજ ડ્રામામાં ભારત સામે પાક.નો ફ્યુઝ ઊડી ગયો

## ભારતીય બોલર્સની કમાલ બાદ બેટર્સની ધમાલ, પાકિસ્તાન સામે ભારતનો વિજય

**બુમરાહ, મોહમ્મદ સિરાજ, હાર્દિક પંડ્યા, કુલદીપ યાદવ, રવિન્દ્ર જાડેજાની ૨-૨ વિકેટ, રોહિત શર્માના ૮૬**

। અમદાવાદ, તા.૧૪ ।

ભારતીય બોલર્સની કમાલ બાદ બેટર્સની ધમાલથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર કટ્ટર પ્રતિસ્પર્ધી પાકિસ્તાન સામેની મેચમાં સાત વિકેટથી આસાનીથી વિજય મેળવ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બોલિંગનો નિર્ણય કરતા ભારતીય ટીમે પાકિસ્તાનની ઈનિંગ્સ માત્ર ૧૯૧ રનમે સમેટી દઈ જીતવા માટે ૧૯૨ રનનો પડકાર આપ્યો હતો જેની સામે યજમાન ટીમે ત્રણ વિકેટ ગુમાવીને ૩૦.૩ ઓવરમાં ૧૯૨ રન બનાવીને લક્ષ્યાંક પાર કરી આસાનીથી મેચ જીતી લીધી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, હાર્દિક પંડ્યા, કુલદીપ યાદવ, રવિન્દ્ર જાડેજાની ૨-૨ વિકેટ લીધી હતી જ્યારે રોહિત શર્માએ ૬૩ બોલમાં ૬ સિક્સર ૪ બાઉન્ડ્રી સાથે ૮૬ રન બનાવી ભારતના વિજયને સરળ બનાવી ટીમના વિજયને સરળ બનાવ્યો હતો. શ્રેયસ ઐયરે અણનમ ૫૩ રન બનાવ્યા હતા. ભારતે પ્રવર્તમાન સ્પર્ધામાં આ સતત ત્રીજો વિજય મેળવ્યો છે.

અગાઉ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી વર્લ્ડ કપ ૨૦૨૩ની હાઈવોલ્ટેજ મેચમાં પાકિસ્તાનની ટીમ ૧૯૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. પાકિસ્તાને ભારતને જીતવા ૧૯૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. આજની મેચમાં ભારતીય બોલરોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ભારત તરફથી જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, હાર્દિક પંડ્યા, કુલદીપ યાદવ, રવિન્દ્ર જાડેજાની ૨-૨ વિકેટ લીધી છે, જ્યારે પાકિસ્તાન તરફથી સૌથી વધુ રન કેપ્ટન બાબર આઝમે ૫૦ રન, મોહમ્મદ રિઝવાનના ૪૯ રન નોંધાવ્યા છે. બંને કટ્ટર



હરીફ ટીમો વન-ડે વર્લ્ડ કપમાં ૭ વખત સામ-સામે રમી ચુકી છે. ભારતીય ટીમે પાકિસ્તાનને સાતેય મેચમાં ખરાબ રીતે હરાવ્યું છે. બંને દેશો વચ્ચે આ ૧૩૫મી વનડે મેચ રમાઈ રહી છે. ભારત અને પાકિસ્તાનની ટીમ અમદાવાદમાં ૧૮ વર્ષ બાદ વન-ડે મેચ રમી રહી છે. ભારતીય સુકાની રોહિત શર્માએ ટોસ જીત્યા બાદ પહેલા ફિલ્ડિંગનો નિર્ણય લીધા બાદ પ્રવાસી ટીમે મક્કમ શરૂઆત કરી હતી પરંતુ ટીમના કુલ ૪૧ રનના સ્કોર પર અબ્દુલ્લાહ શફીકને મોહમ્મદ સિરાજે એલબીડબલ્યુ આઉટ કર્યો હતો. શફીકે ૨૪ બોલમાં ત્રણ બાઉન્ડ્રી સાથે ૨૦ રન કર્યા હતા. ઈન્ઝામ- ઉલ-હક બાબર આઝમ સાથે મળીને ટીમને મજબૂત સ્થિતિમાં મૂકે એ પહેલાં હાર્દિક પંડ્યાએ યજમાન ટીમને બીજી સફળતા અપાવી હતી. હક ૩૮ બોલમાં છ બાઉન્ડ્રી સાથે ૩૬ રન બનાવ્યા હતા તે રાહુલના હાથમાં ઝિલાયો હતો. બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાને ત્રીજી વિકેટની ભાગીદારીમાં ૮૨ રન ઉમેર્યા હતા.


























### ટોસ જીતીને રોહિત શર્માએ પહેલી ફિલ્ડિંગ લીધી

# વર્લ્ડ કપમાં ટોસ જીત્યા બાદ ભારતે પ્રથમ વખત પાક. સામે પહેલી બોલિંગ કરી

## ભારતે પાકિસ્તાન સામે આઠમાંથી છ મેચમાં ટોસ જીત્યો

। અમદાવાદ, તા.૧૪ ।


આજે અમદાવાદમાં ભારત-પાકિસ્તાનની મેચમાં કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. વર્લ્ડ કપમાં પ્રથમ વખત ભારતે પાકિસ્તાન સામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે.

વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતે તેની પ્રથમ મેચમાં પાંચ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને છ વિકેટથી હરાવ્યુ હતું અને બીજી મેચમાં અફઘાનિસ્તાનને આઠ વિકેટથી હરાવ્યું હતું. પાકિસ્તાનની ટીમે પણ તેની પ્રથમ બે મેચમાં જીત મેળવી છે. પાકિસ્તાને શ્રીલંકા અને નેધરલેન્ડને હરાવ્યું છે. વર્લ્ડ કપ ૨૦૨૩ના પોઈન્ટ ટેબલમાં ભારત ત્રીજા અને પાકિસ્તાન ચોથા સ્થાને છે. ભારતે પાકિસ્તાન સામે વર્લ્ડ કપની આઠ મેચમાંથી છ મેચમાં ટોસ જીત્યો છે. આ પહેલા પાંચ મેચોમાં ભારતે પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો જ્યારે આ પહેલી વખત છે કે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે. ભારત સામે પાકિસ્તાનો બે વખત ટોસ જીત્યો છે જેમાં એક મેચમાં પ્રથમ બોલિંગ અને બીજી મેચમાં પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે પાકિસ્તાનની ટીમનો તમામ સાત મેચમાં પરાજય થયો હતો. અમદાવાદમાં રમાયેલી ૨૭ મેચોમાં ફાસ્ટ બોલરોએ ૩૩.૧૮ની એવરેજથી ૨૧૬ જ્યારે સ્પિનરોએ ૩૯.૯૩ની એવરેજથી ૧૧૮ વિકેટ ઝડપી છે. પ્રથમ બેટિંગ કરનારી ટીમોએ ૧૪ મેચ જીતી છે અને ૨ન ચેઝ કરનાર ટીમોએ ૧૩ મેચ જીતી છે. આ મેદાન પર પ્રથમ બેટિંગ કરતી વખતે સરેરાશ સ્કોર ૨૪૩ રનનો છે.



# પાકિસ્તાન સામે શુભમન ગિલનું વર્લ્ડ કપમાં ડેબ્યુ

ભારત અને પાકિસ્તાન વચ્ચે અમદાવાદના સ્ટેડિયમમાં વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૨મી મેચ રમાઈ રહી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચમાં ટીમ ઈન્ડિયા માટે સારા સમાચાર છે. ટીમના નિયમિત ઓપનર શુભમન ગિલે પાકિસ્તાન સામે વન-ડે વર્લ્ડ કપ માં ડેબ્યુ કર્યું છે. ઈશાન કિશનની જગ્યાએ હવે શુભમન ગિલ ઓપનિંગ કરશે. ઈશાન કિશનને આ મેચમાંથી બહાર રાખવામાં આવ્યો છે. શુભમન ગિલ ડેન્ગ્યુથી પીડિત હોવાને કારણે ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન સામેની પ્રથમ બે મેચ રમી શક્યો ન હતો. ગિલનો અમદાવાદના ક્રિકેટ સ્ટેડિયમમાં ટ્રેક રેકોર્ડ અદ્ભુત છે. શુભમન ગિલની આઈપીએલ ટીમ ગુજરાત ટાઈટન્સનું આ હોમ ગ્રાઉન્ડ છે. ગિલે આઈપીએલની ગત સિઝનમાં શાનદાર રન બનાવ્યા હતા. જો કે ગિલે અમદાવાદના સ્ટેડિયમમાં એક પણ વન-ડે મેચ રમી નથી. પરંતુ તેણે ભારત માટે આ મેદાન પર ત્રણ ટેસ્ટ અને એક ટી૨૦આઈ મેચ રમી છે. આ મેચોમાં ગિલની એવરેજ ૯૩ રહી છે. આ દરમિયાન તેણે ભારત માટે ૨ સદી પણ ફટકારી છે. વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની પ્રથમ બે મેચમાં ભારતીય ટીમ શુભમન ગિલની ખોટ અનુભવી રહી હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચમાં ઈશાન કિશનને ઓપનિંગ કરવાની તક આપવામાં આવી હતી પરંતુ તે તેનો વધારે ફાયદો ઉઠાવી શક્યો ન હતો.




### ભારત સામેની મેચ પહેલા પાક કેપ્ટન બાબરના તેવર!

# મને કેપ્ટનસીની ચિંતા નથી પાક. કેપ્ટન બાબર આઝમ

। નવી દિલ્હી, તા.૧૪ ।

પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન બાબર આઝમનું કહેવું છે કે, તેણે કેપ્ટનશીપ કરતી વખતે ક્યારેય વિચાર્યું નથી કે કોઈ એક મુકાબલાને લીધે તે આ પદને ગુમાવશે. ભારત અને પાકિસ્તાન શનિવારે ODI વર્લ્ડ કપમાં એકબીજા સામે ટકરાશે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે જ્યાં લગભગ ૧ લાખ ૩૦ હજાર દર્શકો પહોંચવાની અપેક્ષા છે. બાબરનું કહેવું છે કે, જો આ મેચમાં પરિણામ પાકિસ્તાનની તરફેણમાં નહીં આવે તો તેનો અર્થ એ નથી કે તે કેપ્ટનશિપ ગુમાવશે. હંમેશાની જેમ આ મેચમાં પણ ભારત અને પાકિસ્તાનના કેપ્ટનો પર ઘણું દબાણ રહેશે. બંને દેશના ચાહકો પોતાની ટીમને હારતી જોવા નથી માંગતા. ભારત સામેની મોટી મેચ પહેલા જ્યારે બાબર આઝમને પૂછવામાં આવ્યું કે જો ભારત સામેની મેચમાં પરિણામ તેના પક્ષમાં નહીં આવે તો શું તેની કેપ્ટનશિપ પર અસર પડશે? આ સવાલ પર બાબર ખુશ નહોતો દેખાયો. બાબરે કહ્યું, 'મને ક્યારેય એ વાતની ચિંતા રહી નથી કે આ એક મેચને કારણે હું મારી કેપ્ટન્સી ગુમાવીશ. ખુદાએ મારા નસીબમાં જે લખ્યું હશે તે મને મળશે. હું જેનો હકદાર છું તે મને મળશે. મને એક મેચના કારણે કેપ્ટનશીપ મળી નથી અને હું એક મેચને કારણે ગુમાવીશ પણ નહીં. બાબરના કહેવા પ્રમાણે, 'વર્લ્ડકપમાં મારો રેકોર્ડ જેવો હોવો જોઈએ તેવો નથી, પરંતુ આશા છે કે આગામી મેચમાં તમને થોડો ફેર જોવા મળશે. અમે વિશ્વકપમાં જ ભારત સામે એકબીજાનો સામનો કરીએ છીએ. આવી સ્થિતિમાં અમને લાંબા અંતરાલ પર એકબીજા સામે રમવાની તક મળે છે. મારા ખરાબ રેકોર્ડનું કારણ બોલરો નથી. ઘણી વખત મારી ભૂલોને કારણે મેં વિકેટ ગુમાવી છે. વનડે વર્લ્ડકપના ઈતિહાસમાં ભારતીય ટીમ પાકિસ્તાન સામે હજુ સુધી એક પણ મેચ હારી નથી. ટીમ ઈન્ડિયાએ વનડે વર્લ્ડ કપમાં પાકિસ્તાનને ૭ મેચમાં હરાવ્યું છે. પાકિસ્તાન હજુ પણ વનડે વર્લ્ડ કપમાં ભારત સામેની પ્રથમ જીતની રાહ જોઈ રહ્યું છે.









મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ નિહાળવા માટે ક્રિકેટ ચાહકો વિવિધ પ્રકાશના બોડી પેન્ટીંગ અને ભારતના ફ્લેગ સાથે સ્ટેડિયમમાં આવ્યા હતા.







### પાંચ રાજ્યોની ચૂંટણી માટે રાજકીય પક્ષો સજ્જ

# ચૂંટણી પંચે પ્રચાર સામગ્રીના ખર્ચની કિંમતની યાદી બહાર પાડી

### ચૂંટણી પંચ રેટ લિસ્ટ મુજબ ઉમેદવારોના ખર્ચનું આંકલન કરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧૪ ।

આગામી નવેમ્બર-ડિસેમ્બરમાં ૫ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષો પ્રચારમાં જોડાઈ ગઈ છે, ત્યારે ચૂંટણી પંચે ઉમેદવારો અને રાજકીય પક્ષોને લઈને ઘણા મોટા નિર્ણય લીધા છે. ઉમેદવારો પણ ચૂંટણીમાં અઢળક નાણાં ખર્ચતા હોય છે, જેને ધ્યાને રાખી ચૂંટણી પંચે આ વખતે ચૂંટણીમાં ખર્ચ થનાર સામગ્રીની કિંમત અંગેની યાદી બહાર પાડી છે. આ લિસ્ટમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ચા, કોફી, સમોસા, રસગુલ્લા, આઈસ્ક્રીમ સહિત પ્રત્યેક પ્રોડક્ટની કિંમત નક્કી કરવામાં આવી છે. આ તમામ ખર્ચ ઉમેદવારોના એકાઉન્ટમાં જોડવામાં આવશે. ચૂંટણી પંચે પ્રચાર સામગ્રી તેમજ સભામાં ઉપયોગમાં લેવાયેલા સામાનની કિંમત નિર્ધારિત કરી છે. ચૂંટણી પંચ પોતાની રેટ લિસ્ટ મુજબ જ ઉમેદવારોના ખર્ચનું આંકલન કરશે. વાસ્તવમાં ઉમેદવારો ચૂંટણી ટાણે લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરતા હોય છે, જોકે હવે આવું કરવું અશક્ય છે, કારણ કે ચૂંટણી પંચ ઉમેદવારોના તમામ ખર્ચ પર નજર રાખશે. ઉમેદવારોના ખર્ચની મોનિટરિંગની વ્યવસ્થા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરાશે. ઉપરાંત પંચે ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર સામાનની પણ લીસ્ટ તૈયાર કરી છે. આ રેટ લિસ્ટ મુજબ ચૂંટણી સભા અને કાર્યક્રમોમાં ઉપયોગમાં આવનાર સામાનનું ભાડું પણ ફિક્સ કરાયું છે. પ્રતિ દિવસ એક પ્લાસ્ટિકની ખુરશીના ૫ રૂપિયા, પાઈપની ખુરશીના ૩ રૂપિયા, વીઆઈપી ખુરશીના ૧૦૫ રૂપિયા, લાકડાના ટેબલના ૫૩ રૂપિયા, ટ્યૂબલાઈટ ૧૦ રૂપિયા, હૈલોજન ૫૦૦ વૉટ ૪૨ રૂપિયા, ૧૦૦૦ વૉટના ૭૪ રૂપિયા, વીઆઈપી સોફાસેટનો ખર્ચો ૬૩૦ રૂપિયા મુજબ ઉમેદવારના એકાઉન્ટમાં જોડાશે. ચૂંટણી પંચ ઉમેદવારો દ્વારા ખર્ચ થનાર ખાદ્ય સામગ્રી પર પણ નજર રાખશે, જેમાં પ્રતિ કિલો કેરી રૂ.૬૩, કેળું રૂ.૨૧, સેવ રૂ.૮૪, દ્રાક્ષ રૂ.૮૪ મુજબ જોડવામાં આવશે. આરઓ પાણીની કેન ૨૦ લીટરની ૨૦ રૂપિયા, કોલ્ડ ડ્રિક્સ અને આઈસ્ક્રીમ એમઆરપી મુજબ ખર્ચમાં જોડવામાં આવશે. શેરડીના રસના (નાનો ગ્લાસ) રૂ.૧૦, જમવાની પ્રતિ પ્લેટના રૂ.૭૧ નિર્ધારીત કરવામાં આવ્યા છે.




### ઉમેદવારોના ખર્ચની મોનિટરિંગની વ્યવસ્થા ચૂંટણી અધિકારી દ્વારા કરાશે

**ઉલ્લેખનિય છે કે, ચૂંટણી પંચે આગામી વર્ષે લોકસભા ચૂંટણી પહેલા સેમીફાઈનલ કહેવાતી ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખોની તાજેતરમાં જ જાહેરાત કરી હતી. મધ્યપ્રદેશમાં ૭ નવેમ્બર, છત્તીસગઢમાં બે તબક્કામાં ૭ અને ૧૭ નવેમ્બર, રાજસ્થાનમાં ૨૩ નવેમ્બર, તેલંગણામાં ૩૦ નવેમ્બરે અને મિઝોરમમાં ૭ નવેમ્બરે મતદાન યોજાશે. જ્યારે પાંચેય રાજ્યોના પરિણામો ત્રીજી ડિસેમ્બરે જાહેર થશે. ઉમેદવારોએ ચૂંટણી પ્રચારમાં કરેલ ખર્ચની વિગતો ચૂંટણી પંચને ફરજિયાત આપવાની હોય છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં જે ઉમેદવારોએ ખર્ચની વિગતો આપી નથી, તેમની સામે ચૂંટણી પંચે મોટી કાર્યવાહી કરી છે. ચૂંટણી પંચે તાજેતરમાં જ રાજસ્થાનના ૪૬ નેતાઓને અયોગ્ય જાહેર કર્યા છે અને ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. ઉમેદવારો દ્વારા થતા અન્ય ખર્ચમાં પ્રતિ દિવસ ૫ સીટર કારનું ભાડું ૨૬૨૫ અથવા ૩૬૭૫ રૂપિયા, મિની બસ ૨૦ સીટર ૬૩૦૦ રૂપિયા, ૩૫ સીટર બસનું ભાડું ૮૪૦૦ રૂપિયા નિર્ધારીત કરાયું છે.**

### અફઘાનિસ્તાનના બલગાન પ્રાંતની ઝમાન મસ્જિદમાં જોરદાર વિસ્ફોટ

# અફઘાનિસ્તાનમાં બોંબ વિસ્ફોટમાં મૃત્યાઆંક ૧૭ ઉપર પહોંચી ગયું

### ઘટનાની જાણ થતાં જ તાબડતોબ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામા આવ્યું હતું અને ઘાયલ અને મૃતકોને બહાર કાઢ્વામાં આવ્યા હતા





। નવી દિલ્હી, તા.૧૪ ।

અફઘાનિસ્તાનના બલગાન પ્રાંતની ઝમાન મસ્જિદમાં શુક્રવારની નમાજના સમયે બ્લાસ્ટ થયો હતો. જેના કારણે ભારે નુકશાન થવાની સંભાવના છે. વિસ્ફોટમાં ૧૭ના મોત થયા છે તો ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે, મસ્જિદ શિયા સમુદાય સાથે જોડાયેલી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બ્લાસ્ટ એક શિયા મસ્જિદમાં થયો હતો. ઘટનાની જાણ થતાં જ તાબડતોબ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામા આવ્યું હતું અને ઘાયલ અને મૃતકોને બહાર કાઢ્વામાં આવ્યા હતા. રાહત અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે.આ હુમલાની જવાબદારી હજુ સુધી કોઈ આતંકવાદી સંગઠને નથી લીધી. બીજી તરફ ઈઝરાયેલના રાજદ્વારી પર ચાકુ વડે હુમલો કરવામાં આવ્યો છે. ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે હુમલાની પુષ્ટિ કરી છે. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે રાજદ્વારીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમની સ્થિતિ સ્થિર છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, બેઈજિંગમાં ઈઝરાયેલી દૂતાવાસના રાજદ્વારી પર શુક્રવારે હુમલો કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજદ્વારીને શુક્રવારે શંકાસ્પદ આતંકવાદી હુમલામાં ચાકુ મારવામાં આવ્યું હતું. બેઈજિંગમાં ઈઝરાયેલના દૂતાવાસમાં કામ કરતા રાજદ્વારી પર દૂતાવાસની નજીકના વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યો હતો. આ પછી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેની હાલત સ્થિર છે. ગાઝા પટ્ટી અને પશ્ચિમ કાંઠે ઈઝરાયેલના હુમલામાં મૃત્યુઆંક ૧,૫૬૯ પર પહોંચી ગયો છે, જ્યારે ૭,૨૧૨ અન્ય ઘાયલ થયા છે. પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગાઝામાં મૃત્યુઆંક ૧,૫૩૭ પર પહોંચી ગયો છે, જેમાં ૫૦૦ બાળકો અને ૨૭૬ મહિલાઓનો સમાવેશ થાય છે. શનિવારે પેલેસ્ટિનિયન ઈસ્લામિક રેઝિસ્ટન્સ મૂવમેન્ટ (હમાસ) દ્વારા કરવામાં આવેલા મોટા પાયે ઓચિંતા હુમલાના જવાબમાં ઈઝરાયેલે હમાસ ગાઝા પટ્ટી પર હુમલો શરૂ કર્યો અને ગુરુવારે ગાઝાના વિવિધ વિસ્તારોમાં ઈઝરાયેલના હવાઈ હુમલા ચાલુ રહ્યા.

### ભારત અને શ્રીલંકા વચ્ચે ફેરી સર્વિસ શરૂ થઈ

# રાજદ્વારી-આર્થિક સબંધોમાં નવા અધ્યાયની શરૂઆત : વડાપ્રધાન

। નવી દિલ્હી, તા.૧૪ ।



વડાપ્રધાન મોદીએ આજે ભારત અને શ્રીલંકા વચ્ચે શરૂ થયેલી ફેરી સર્વિસ (નૌકા સેવા) પર સંબોધન કર્યું. તેમણે કહ્યું કે આજે અમે ભારત અને શ્રીલંકા વચ્ચે રાજદ્વારી અને આર્થિક સંબંધોમાં એક નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યા છીએ. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પીએમ મોદીએ કહ્યું કે ભારત અને શ્રીલંકાની સંસ્કૃતિ, વાણિજ્ય અને સભ્યતાનો ઊંડો ઈતિહાસ ધરાવે છે અને હવે બંનેમાં આર્થિક ભાગીદારી પણ વધશે. આ ફેરી સેવા નાગાપટ્ટિનમ અને કાંકેસંતુરાઈ વચ્ચે શરૂ કરાઈ છે અને આપણા સંબંધોને મજબૂત કરવામાં એક સીમાચિહ્ન સાબિત થઈ છે. કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે તમિલનાડુના નાગાપટ્ટિનમ અને શ્રીલંકાના કાંકેસંતુરાઈ વચ્ચે ફેરી સર્વિસને લીલીઝંડી બતાવી હતી.

આ દરમિયાન વિદેશમંત્રી ડૉ. એસ.જયશંકર આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. પીએમએ તેમના સંબોધનમાં કહ્યું કે રાષ્ટ્રપતિ વિક્રમાસિંઘેની તાજેતરની યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારી વધારવા સહમતિ થઈ હતી. માહિતી અનુસાર શ્રીલંકા જવા માટે ફેરી સેવાની ટિકિટ પ્રતિ વ્યક્તિ ૭૬૭૦ રૂપિયા (૬૫૦૦ અને ૧૮ ટકા જીએસટી) નક્કી કરાઈ હતી. નાગાપટ્ટિનમ શિપિંગ હાર્બર વિભાગના અધિકારીઓની માનીએ તો આજે ઉદઘાટનના પ્રસ્તાવ રુપે આ ટિકિટ ૨૮૦૦ રૂપિયા (૨૩૭૫ અને જીએસટી) નક્કી કરાઈ છે.



આજથી શરૂ થતા નવ દિવસના નોરતા માટે નાગપુર ખાતે એક કારીગર દેવી દુર્ગાની મૂર્તિને અંતિમ સ્પર્શ આપતા નજરે પડે છે.

# ઇઝરાયલથી બીજી ફ્લાઇટમાં ૨૩૫ ભારતીય નાગરિકો પરત ફર્યા



। નવી દિલ્હી, તા.૧૪ ।

ઓપરેશન અજય અંતર્ગત ઈઝરાયલથી બીજી ફલાઈટ આવી પહોંચી છે. જેમાં ૨૩૫ ભારતીયો સ્વદેશ પરત ફર્યા છે. જેમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. તેમને આવકારવા વિદેશ રાજ્યમંત્રી એરપોર્ટ પર હાજર રહ્યા હતા. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા એક સપ્તાહથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં અત્યાર સુધીમાં લગભગ ૩૦૦૦ લોકોના મોત થયા છે. એક દિવસ પહેલા, ૨૧૨ ભારતીયોની પ્રથમ બેચ નવી દિલ્હી પહોંચી હતી. ભારતીય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય મુસાફરોને લઈ જતી ફલાઈટ શુક્રવારે રાત્રે ૧૧.૦૨ કલાકે તેલ અવીવથી ઉડાન ભરી હતી. ભારતીય દૂતાવાસે કહ્યું કે દૂતાવાસે ત્રીજા બેચમાં સામેલ લોકોને ઈમેલ દ્વારા જાણ કરી છે. લોકોને અનુગામી ફલાઈટ્સ માટે ફરીથી મેસેજ કરવામાં આવશે. ઈઝરાયેલના સફેદમાં ઈલાન યુનિવર્સિટીમાંથી પીએચડી કરી રહેલા ભારતીય વિદ્યાર્થી સૂર્યકાંત તિવારીએ ઈઝરાયેલથી ઉડાન ભરતા પહેલા કહ્યું હતું કે ઈઝરાયેલમાં ભયનું વાતાવરણ છે. અહીં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. અમને ઈઝરાયેલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે હું ભારત સરકારનો આભાર માનું છું. હમાસના આતંકવાદીઓ નવા નવા ઈનોવેશન માટે હથિયારો બનતા રહે છે. ઈઝરાયેલી ડ્રોનની નકલ કરવા માટે તેઓએ સ્થાનિક ડ્રોન પણ બનાવી નાખ્યું. ૭ સપ્ટેમ્બર-૨૦૨૩ના રોજ તે ડ્રોનથી જ ગ્રેનેડ ફેંકવામાં આવ્યા. ઉપરાંત ૨૦ મિનિટની અંદર ૫૦૦૦ રોકેટ પણ છોડ્યા. ગાઝાની પાઈપલાઈનની વાત કરીએ તો અહીં ૪૮ કિલોમીટર લાંબી પાઈપ લાઈન નાખવામાં આવી છે. એવું કહેવાય છે કે, ઈરાન સીરિયા, અને સુદાન હમાસને રોકેટની સપ્લાય કરે છે, જોકે આ ત્રણે દેશોની વાત ન માનીએ તો, હવે હમાસ પોતાના રોકેટ બનાવવા લાગ્યું છે. આ રોકેટો હાઈ-ફાઈ હોતા નથી, પણ નુકસાન જરૂર કરે છે. હમાસે ૨૦૧૪માં ઈઝરાયેલ તરફ ૪૫૦૦ રોકેટ છોડ્યા હતા. ત્યારબાદ ૨૦૧૯માં ૪૦૦થી વધુ રોકેટ છોડી ઈઝરાયેલના મોટા મોટા શહેરોને નિશાન બનાવ્યું. ત્યારબાદ ૨૦૨૧માં ૪૦૦૦ રોકેટ છોડ્યા હતા.

# અણી તૂટીને કોઈની આંખમાં વાગવાની શક્યતા છે

। નવી દિલ્હી, તા.૧૪ ।

આમિર ખાનની ફિલ્મ '૩ ઈડિયટ્સ' તો તમને યાદ છે? વર્ષ ૨૦૦૯માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં આમિર ખાન એક વિદ્યારીથી બનેલો છે. એક સીનમાં તે પોતાની કોલેજના ડીન બોમન ઈરાનીને પૂછે છે કે, જો લાખો રુપિયા ખર્ચીને અંતરિક્ષમાં ચાલતી પેન બનાવવામાં આવી, તો પછી પેન્સિલનો ઉપયોગ કેમ નથી કરતાં જે સસ્તી છે અને લખવાના કામ પણ તો આવે છે ને? તે સમયે ડીને જવાબ ન આપ્યો પરંતુ, ફિલ્મના ક્લાઈમેક્સમાં તેણે કહ્યું કે સ્પેસમાં પેન્સિલનો ઉપયોગ કેમ ન થઈ શકે. તે એક ફિલ્મ હતી, તેથી તેમાં કહેવામાં આવેલી બાબતો પર સંપૂર્ણ વિશ્વાસ કરી શકાય તેમ નથી. તાજેતરમાં, જ્યારે કોઈએ સોશિયલ મીડિયા પર આ પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેની ફરી ચર્ચા થવા લાગી. તેથી ચાલો, જાણીએ તેનો સાચો જવાબ શું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઊંટ્ટિ પર લોકો પોતાના પ્રશ્નો પૂછે છે અને સામાન્ય લોકો તેનો જવાબ આપે છે. તાજેતરમાં કોઈએ પૂછ્યું - "સ્પેસમાં પેન્સિલનો ઉપયોગ કેમ નથી થતો?'' સવાલ એ જ છે જે ફિલ્મમાં પૂછવામાં આવ્યો હતો. અંતરિક્ષ અને તેના તમામ પાસાઓને લગતી વસ્તુઓ મનુષ્ય માટે જાદુઈ છે. સામાન્ય માણસ અંતરિક્ષ વિશે એટલું જ જાણે છે જેટલું તે વૈજ્ઞાનિકો પાસેથી સાંભળે છે, તેથી તેના માટે અંતરિક્ષને લગતી કોઈપણ બાબત એક કોયડા સમાન છે. જ્યારે આ કોયડાનો ઉકેલ ફિલ્મમાં મળી ગયો. ત્યારે મોટાભાગના લોકોએ તેને માની લીધું હતું. તો શું ફિલ્મમાં જે કહ્યું તે સાચું હતું? તેનો જવાબ આપતા પહેલાં, ચાલો જાણીએ લોકોએ તેનો શું જવાબ આપ્યો.

### થોડાક ડગલા ચાલતાં જ ડિમ્પલ શાહને શ્વાસ ચડતો હતો

# કબૂતરની ચરકના લીધે મહિલાને કરાવવું પડ્યું ફેફસાનું ટ્રાન્સપ્લાન્ટ

। નવી દિલ્હી, તા.૧૪ ।



ઘરની બાલ્કની કે આંગણામાં આવીને ઘૂ-ઘૂ કરતાં અને શાંતિના દૂત કહેવાતા કબૂતરની ચરક જીવલેણ સાબિત થઈ શકે છે. વડોદરાના જરોદ ગામના રહેવાસી ૪૨ વર્ષીય ડિમ્પલ શાહ છેલ્લા છ વર્ષથી ફેફસાની તકલીફથી પીડાતા હતા. તેમના ઘરની ચોકડી અને બાલ્કનીમાં પડેલી કબૂતરની ચરકના લીધે તેમને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડી હતી. તેમના ફેફસા સુધી પૂરતો ઓક્સિજન પહોંચતો જ નહોતો જેથી તેમને શ્વસનમાં ખૂબ તકલીફ થતી હતી. કેટલાય ડૉક્ટરોના ધક્કા ખાધા પછી આખરે ચેન્નાઈમાં તેમની પીડાનો અંત આવ્યો. ચેન્નાઈમાં તેમના બંને ફેફસાનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન થકી ફેફસા મળી રહેતાં આખરે હવે તેઓ સામાન્ય જીવન જીવી શકે છે. પોતાની પીડા વર્ણવતા ડિમ્પલ શાહે કહ્યું, હું થોડાક ડગલા ચાલું તો પણ શ્વાસ ચડી જતો હતો. જેના કારણે મને દૈનિક કાર્યો કરવામાં પણ તકલીફ થતી હતી. મેં અને મારા પતિએ વડોદરામાં જ એક્સપર્ટ તબીબોને બતાવ્યું અને તેમણે મને ઈન્ટરસ્ટિશિયલ લંગ ડિસીઝ હોવાનું નિદાન કર્યું હતું. મારું ઓક્સિજન સેચ્યુરેશન ૮૫-૯૦ ટકાની વચ્ચે રહેતું હતું.

# ૨૨ કોચની નોન-એસી વંદે સાધારણ ટ્રેન દોડાવવા તૈયારી

### આ ટ્રેનના દરેક કોચમાં વિકલાંગ લોકો માટે એક ખાસ ટોઈલેટ પણ હશે, આ ઉપરાંત એક પબ્લિક એડ્રેસ સિસ્ટમ હશે

। નવી દિલ્હી, તા.૧૪ ।

વંદે ભારત જેવી પ્રીમિયમ ટ્રેનને સફળતા મળ્યા પછી હવે સામાન્ય લોકો માટે રેલવેએ વંદે સાધારણ દોડાવવાનો નિર્ણય લીધો છે. વંદે સાધારણ ૨૨ કોચની નોન-એસી ટ્રેન હશે અને ઓક્ટોબરના અંતથી જ તે શરૂ થઈ જશે. હાલની સામાન્ય ટ્રેનોની તુલનામાં તેમાં વધુ સુવિધા હશે અને વધારે આરામદાયક હશે તેવું રેલવેનું કહેવું છે. આ ઉપરાંત તેના એન્જિનની ડિઝાઈન પણ અલગ હશે. ભારતીય રેલવેએ વંદે સાધારણા પ્રથમ રેકને દોડાવવા માટે તૈયારી કરી લીધી છે. એવું કહેવાય છે કે આ ટ્રેનમાં ૧૮૦૦ પ્રવાસીઓને સમાવી શકાશે અને તેની મહત્તમ ઝડપ ૧૩૦ કિમી પ્રતિ કલાક હશે. આ ટ્રેન વંદે ભારત જેવો જ એક્સપિરિયન્સ આપશે તેમ કહેવાય છે. વંદે સાધારણની ખાસ વાત એ હશે કે તેની સીટ વધારે આરામદાયક અને દેખાવમાં



સુંદર હશે. તેમાં મોડર્ન લાઈટ ફિક્સર તથા દરેક સીટ માટે મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ આપવામાં આવશે. ટ્રેનમાં બંને છેડે એન્જિન હશે. એટલે કે તે પુશ એન્ડ પુલ એરેન્જમેન્ટથી ચાલશે. પરિણામે તે ઝડપથી ગતિ પકડી શકશે અને ક્યાંય તેને રિવર્સમાં ચલાવવાની જરૂર નહીં પડે. ૨૨ કોચની આ ટ્રેનની પ્રથમ રેક ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી ખાતે તૈયાર થઈ રહી છે. જે લોકો નોન-એસી ટ્રેનમાં પ્રવાસ કરવા માગે છે અથવા રિઝર્વેશન વગર મુસાફરી કરવી છે તેમના માટે આ ટ્રેન બહુ ઉપયોગી બનશે અને સસ્તી પણ પડશે. આ ટ્રેનની સીટ અને બર્થ એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે જેથી વધુમાં વધુ આરામ મળે. આ ટ્રેનનું ઈન્ટિરિયર હાલના જનરલ કોચ જેવું જ છે. પરંતુ તેની પેનલ, એલઈડી લાઈટ, ફેન અને સ્વિચને આધુનિક ડિઝાઈન આપવામાં આવી છે. આ ટ્રેનના દરેક કોચમાં વિકલાંગ લોકો માટે એક ખાસ ટોઈલેટ પણ હશે. આ ઉપરાંત એક પબ્લિક એડ્રેસ સિસ્ટમ હશે. ટ્રેન કોઈ પણ સ્ટેશન પરથી ઉપડે ત્યારે તેને ગતિ પકડવામાં વાર લાગતી હોય છે. પરંતુ વંદે ભારતની જેમ વંદે સાધારણમાં પણ આગળ અને પાછળ બંને જગ્યાએ લોકોમોટિવ હોવાથી તે પુશ અને પુલ મિકેનિઝમ પર કાર કરશે.

## તંત્રી લેખ...

# ગુજરાત હવે વૈશ્ર્વિક પ્રવાસન રાજ્ય

ભારતીય સંસ્કૃતિમાં યાત્રા અને પ્રવાસનું મહત્ત્વ સદીઓથી છે. ભારતનાં વિવિધ રાજ્યોમાં અનેક સૌંદર્યધામો, સ્થાપત્યો, યાત્રાધામો, સંગ્રહાલયો, સફારી, અભયારણ્યો આવેલાં છે. ગુજરાતનો સમાવેશ એમાં અગ્રહરોળમાં થાય છે. એકાવન શક્તિપીઠોમાંનું અંબાજી, ગરવો ગઢ ગીરનાર, દરિયો જેનાં ચરણ પખાળે છે એ સોમનાથ, સાબરકાંઠાનાં અડાબીડ પોળના જંગલો, અલૌકિક પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતું સાપુતારા કે પછી 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.' એવું જેના માટે કહેવાય છે એ ભાતીગળ કચ્છ. આ તમામ સ્થાનો ગુજરાતની ઓળખ અને ગૌરવને ઊજળું કરી રહ્યાં હતાં, તેમાં સૌથી રોમાંચક અને મોખરે છે એક નવું હબ વિશ્ર્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી. સરદાર પટેલની આ પ્રતિમાએ પ્રવાસન ક્ષેત્રે આપણું કદ એ પ્રતિમા જેમ જ વિશ્ર્વસ્તરે ઊંચેરું કર્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ નવા આયામો ઉમેરાતા ગયા છે. નવા પ્રારંભ થયેલા આ ૧૭ પ્રોજેક્ટસ પ્રવાસનનો અસલ રોમાંચ આપે તેવા છે. દેશ-વિદેશનાં ૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓનાં પ્રાણીઓ જોવાનો લ્હાવો આપતો સરદાર પટેલ ઝુઓલોજિકલ પાર્ક, દેશનાં જુદાં જુદાં ૨૦ રાજ્યોની પરંપરાગત ભારતીય હેન્ડિક્રાફટની વસ્તુઓની ખરીદીનો લ્હાવો આપતો એકતા મોલ, વિશ્ર્વની અદ્યતન ટેક્નોલોજી ધરાવતો ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, રોમાંચક થીમ પર આધારિત યુનિટી ગ્લો ગાર્ડન, વિશ્ર્વના ૧૭ દેશના ૬ લાખ કેક્ટસના છોડને નિહાળવાની તક આપતો કેક્ટસ ગાર્ડન, ધસમસતી નર્મદા નદીમાં બોટીંગની મજા કરાવતા જેટ્ટીસ અને ક્રુઝ, એકતા નર્સરી, ખલવાણી ઈકો ટૂરિઝમ, આરોગ્ય વન, ગરુડેશ્ર્વર વિયર અને નવા ગોરા બ્રીજ સહિત બીજુ ઘણું બધું કેવડિયા કોલોનીના એક સ્થાને માણી શકાય, તેનું લોકાર્પણ પ્રધાનમંત્રીએ સરદાર પટેલની જન્મજયંતિએ જ કર્યું. અમદાવાદના રિવર ફ્રન્ટ ખાતે સી પ્લેનનો પ્રારંભે ય પ્રવાસનનું એક નવું જ નજરાણું છે. હવે અમદાવાદથી કેવડિયા કોલોનીનો પ્રવાસ માત્ર ૫૦ મિનિટમાં પૂરો કરી શકાશે. રિવરફ્રન્ટ ખાતે જ બનેલો બાયોડાયવર્સિટી પાર્ક લુપ્ત થતી જતી વૈવિધ્યસભર વનસ્પતિઓ જોવાનો અને પ્રકૃતિ સાથે રૂબરૂ થવાનો અવસર છે. દેશના ખૂણે ખૂણેથી ગીરનારના ઉચ્ચ શિખરે બિરાજમાન ભગવાન દતાત્રેયનાં દર્શને યાત્રાળુઓ આવે છે. તેમની સગવડ માટે ગીરનારમાં શરૂ થયેલ એશિયાના સૌથી મોટા રોપ-વે દ્વારા ગિરનારના ઊંચા શિખરે વાદળોમાંથી પસાર થઈ દર્શનનો આનંદ માણી શકાશે. પ્રવાસનના ન્યૂ ડેસ્ટિનેશન્સ અનેક છે. ગુજરાત સરકારે વિકસાવેલ મહિસાગર જિલ્લાનો અભૂતભૂર્વ જુરાસિક પાર્ક, અમદાવાદના ભવ્ય વારસા સમી પોળો અને ત્યાંના જીવનને માણવાનો અવસર આપતું હેરિટેજ વોક, સાપુતારાથી પણ ૧૭ મીટર ઊંચું અદ્ભુત સૌંદર્ય ધરાવતું ડાંગમાં આવેલું ડોન હિલ સ્ટેશન, વિક એન્ડમાં એડ્વેન્ચરની મજા માણવા માટે નિનાઈ અને ઝરવાણી ધોધ ગુજરાતમાં વિકાસનાં નવાં પરિધાનો ધારણ કરીને પ્રવાસીઓ માટે સજ્જ થઈ ગયાં છે. આ અંકમાં ગુજરાતનાં કેટલાંક નવાં ટૂરિઝમ ડેસ્ટિનેશન અને રોમાંચક પ્રવાસન સ્થાનોની માહિતી આપી છે. ગુજરાતની નવી પ્રવાસન નીતિ મુજબ ૨૦૨૫ સુધીમાં ગુજરાતને ભારતનાં ટોચનાં પાંચ ટૂરિસ્ટ ડેસ્ટિનેશનમાંથી એક બનાવવાનો સંકલ્પ સાકાર થવાની દિશામાં જઈ રહ્યો છે. ગુજરાતનાં જૂનાં સ્થાનોનો વિકાસ અને નવાં સ્થાનોના પ્રારંભ માટે નવી દૃષ્ટિ, નવી ટેક્નોલોજી, નવી ટીમ અને નવા આયામો સાથે ગુજરાત રાજ્યનો પ્રવાસન વિભાગ કાર્ય કરી રહ્યો છે.

# રાષ્ટ્રનું સાચું સુખ 'આત્મનિર્ભરતા'માં

'આત્મનિર્ભર ભારત'નો સંકલ્પ અને એ દિશામાં થઈ રહેલા પ્રયત્નો દેશને એક ઉચ્ચ મુકામે પહોંચાડશે તેવો અર્થશાસ્ત્રના અગ્રણીઓનો મત છે. વર્તમાન'આત્મનિર્ભર ભારત - ૩.૦'માં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ, ઈમરજન્સી ક્રેડિટ સ્કિમ, મેન્યુફેક્ચરિંગ પ્રોડકશન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કિમ, એગ્રિકલ્ચર સબસિડી, બૂસ્ટ ફોર પ્રોજેક્ટ એક્સપોર્ટસ જેવી વિવિધ યોજનાઓ અમલમાં આવી. સર્વાધિક રોજગારી આપતા સૂક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગો તથા દેશના ગરીબ નાગરિક, શ્રમિક, મજૂર, ખેડૂત, સંગઠિત-અસંગઠિત ક્ષેત્રના સૌવ્યક્તિઓ માટે આત્મવિશ્ર્વાસ અને પ્રગતિ. સંપૂર્ણ સ્વદેશી અને વિદેશી ટેક્નિકલ જોડાણ સાથે ભારતમાં બનનારી કોરોના રસી (વેક્સીન) આપણને વેક્સીન અંગે વૈશ્ર્વિક ઉત્પાદનની હરોળમાં મૂકવા સાથે, પરદેશી રસી કરતાં કદાચ આઠથી દસ ગણી ઓછી કિંમતે ઉપલબ્ધ થશે. ૧૩૦ કરોડ લોકો માટેની બચત ગણીએ તો હજારો કરોડો રૂપિયા થાય. અર્થતંત્રમાં અનેક ક્ષેત્રોમાં આત્મનિર્ભર થવાના વિશેષ પ્રયત્નોમાં સૌરઊર્જા સૌથી મહત્ત્વનું ક્ષેત્ર. દેશમાં ઊર્જાની કુલ જરૂરિયાતના ૯૯.૬ ટકા ભારતમાં જ ઉત્પન થાય છે. લગભગ સાતથી દસ રૂપિયા પ્રતિ યુનિટના સ્થાને સૌર ઉર્જા લગભગ બેથી ત્રણ રૂપિયે પ્રતિ યુનિટ પ્રાપ્ત થાય છે. હાલમાં જ સૌરઊર્જાનું ઉત્પાદન કરનારી પાંચ કંપનીઓએ ૨૦૦૦ મેગા વોટ વીજળીના ઉત્પાદન અને બેથી અઢી રૂપિયે પ્રતિ યુનિટ આપવાનું કહ્યું. મધ્યપ્રદેશના રિવામાં ૭૫૦ મેગાવોટનો એશિયાનો સૌથી મોટો સોલાર પ્રોજેક્ટ શરૂ થયો, જેની ૨૪ ટકા વીજળી દિલ્હીની મેટ્રો ટ્રેનને અને બાકીની મધ્ય પ્રદેશની વીજ કંપનીઓને મળશે. ગુજરાતના ખાવડામાં સોલાર એન્ડ વિન્ડ પ્રોજેક્ટ, જેનું પ્રધાનમંત્રી ૧૪-૧૫ ડિસેમ્બરે ખાત મૂહુર્ત કરશે તે ૩૦ હજાર મેગાવોટનો પ્રોજેક્ટ દુનિયાનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જીનો પ્રોજેક્ટ છે. અન્ય યોજનાઓમાં નવા ઈન્ટીગ્રેટેડ પ્લાન્ટ દ્વારા સીલીકામાંથી ચીપ્સ, સેલ તથા સોલાર મોડ્યુલ, બેટરીઝ અને પેનલ્સ એક જ પ્લાન્ટમાં બનાવવાની કવાયત પણ ઉદ્યોજકો દ્વારા ઘડાઈ છે. હવે ખેતરો, ઘરો, ઓફિસો, ઉદ્યોગો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે, એરપોર્ટ, મોટરકાર બધે જ સૌર ઉર્જા વપરાશે. રાષ્ટ્રીય સૌર ઉર્જા મિશન અંતર્ગત ૨૦૨૨ સુધીમાં ૨૦ હજાર મેગાવોટની ક્ષમતાવાળા સૌર ગ્રીડની સ્થાપના અને ત્રણ કરોડ સિંચાઈ પંપોને ડિઝલ કે વીજળીના બદલે સૌર ઉર્જાથી ચાલતા કરવાનું લક્ષ્ય. હાંસલ થવામાં માત્ર ૨ વર્ષ, ૨૦૩૫ સુધીમાં દેશમાં સૌર ઉર્જાની માંગ સાત ગણી વધશે. ભારતની સંપૂર્ણ 'આત્મનિર્ભર' થવાની તૈયારી પૂરજોશમાં છે. તેલ આયાતમાં આપણે દુનિયાનો ત્રીજો સૌથી મોટો દેશ. પરંતુ આ વર્ષે પાછલા દસ વર્ષની તુલનામાં ભારતની તેલની આયાત ૩૬.૪થી ઘટીને ૧૨.૩૪ ટકા થઈ ગઈ. માત્ર છેલ્લા વર્ષનો આંકડો જોઈએ તો તેમાં ય ૧૯ ટકા જેટલી ઘટ નોંધાઈ. નિષ્ણાતો મુજબ આની પાછળ વૈકલ્પિક ઉર્જા સ્ત્રોત મુખ્ય કારણ ત્યારબાદ લોક-ડાઉન વગેરે.

# કનક જેવા સંસ્કાર હૃદયમાં ધારણ કરીને કનકધારા સ્તોત્ર નો પાઠ કરી આ શારદીય નવરાત્રિ એ મા મહાલક્ષ્મી સ્વરૂપને આરાધિયે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે જગત જનની.

આજે આસો સુદ એકમ એટલે શારદીય નવરાત્રિનો પ્રારંભ. શિવ અને શક્તિ એ બંને થકી જ આપણું આંતર બાહ્ય વિશ્વ ઉજળું છે, એ હકીકતનો સહર્ષ સ્વીકાર કરી, આપણે આ શારદીય નવરાત્રિમાં મા જગત જનની જગદંબાને પોકારીશું. આપણે સૌ જાણીએ છીએ તેમ એક વર્ષમાં ચાર નવરાત્રિ આવે છે, બે મુખ્ય અને બે ગુપ્ત. મહા અને અષાઢની નવરાત્રીને ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે છે, જ્યારે ચૈત્રી અને અશ્વિની અથવા શારદીય નવરાત્રિને મુખ્ય નવરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રીનો તહેવાર સામાજિક હોવા છતાં દરેકને તેની કુળદેવી કે મા ભવાની આદ્ય શક્તિના વિવિધ સ્વરૂપને આરાધવા કે પોકારવા માટેનો અભિગમ અલગ હોય છે. પરંતુ સર્વ સામાન્ય કારણ જોઈએ તો લગભગ બધા પોતાની જે છે એ જીંદગીથી ખુશ નથી, અને હજી કંઈક વધુ સારું થાય, એ માટે એને ભજતાં હોય છે. અથવા તો કંઈક ન કરવાં જેવું હોય એની માફી માંગતા હોય! પણ પાછાં એનાં એ જ થઈ જતાં હોય છે. આ બધી જ આપણી સદીઓથી ચાલી આવતી માનવીય માનસિકતા છે! એમાં કંઈ નવું નથી. જેમ કે સતયુગમાં પણ એ સમયના માનવોને વધુ ને વધુ સામ્રાજ્યની તેમજ ધન ધાન્ય કારક ઐશ્વર્યની આશા હતી, અને એટલે યુદ્ધ થતાં,આમ ત્યારે પણ વધુ ધનવાન બનવાની આશા હતી, અને એટલે વેપારમાં કૂટનીતિ પ્રવેશી. એ સમયે સુંદર અને બુદ્ધિશાળી સ્ત્રી માટે પણ યુદ્ધ થતાં. વધુને વધુ વર્ષો સુધી પોતે કમાયેલા ધન ઐશ્વર્ય અને પદ પ્રતિષ્ઠા માણવાની ઈચ્છા રહેતી.

સતયુગ પછી ત્રેતાયુગમાં પણ આવું જ હતું, ત્યારબાદ દ્વાપરયુગમાં પણ આજ ઈચ્છાનું પ્રાધાન્ય હતું, અને આજે કળિયુગમાં પણ એજ ઈચ્છા સર્વોપરી! માત્ર બદલાયું હોય તો એ છે સરેરાશ! એટલે કે કાળની તીવ્રતા વધતા આજે લગભગ દરેકની શ્રેષ્ઠ અને સંપન્ન બનવાની ઈચ્છા એ માજા મુકી છે. રૂપિયો જ ઈશ્વર થઈ ગયો છે, અને એના વગર કંઈ થતું જ નથી. ધન ઐશ્વર્ય કોને નથી જોઈતું! તો આપણે આ નવરાત્રિમાં મા આદ્યશક્તિનાં લક્ષ્મી સ્વરૂપની બે સ્તુતિ કનકધારા સ્તોત્ર અને શ્રી સૂક્તમ પર ચિંતન કરી શુદ્ધ અને સાત્વિક લક્ષ્મીને આહવાન કરીશું, કે જેના આવવાથી માત્ર ધન નહીં બલકે ખુશી અને આનંદ ઉત્સાહ પણ વધે. કનકધારા સ્તોત્ર નીચે મુજબ છે.

વંદે વંદારુ મંદારમિંદિરાનંદ કંદલં
અમંદાનંદ સંદોહ બંધુરં સિંધુરાનનમ
અંગં હરેઃ પુલકભૂષણમાશ્રયન્તી
ભૃંગાંગનેવ મુકુળાભરણં તમાલમ ।
અંગીકૃતાખિલ વિભૂતિરપાંગલીલા
માંગલ્યદાસ્તુ મમ મંગળદેવતાયાઃ ॥ ૧

જેવી રીતે ભમરી અર્ધવિકસિત પુષ્પોથી અલંકૃત તમાલવૃક્ષનો આશ્રય ગ્રહણ કરે છે, એવી રીતે જ ભગવાન શ્રીહરિ વિષ્ણુના રોમાંચથી શોભાયમાન લક્ષ્મીની કટાશ લીલા શ્રીઅંગો ઉપર અવિરત પડતી રહે છે, અને જેમાં સમસ્ત ઐશ્વર્ય-ધન-સંપત્તિનો નિવાસ છે. એ સમસ્ત મંગલોની અધિષ્ઠાત્રી દેવી મહાલક્ષ્મીની કટાક્ષ લીલા મારા માટે મંગલપ્રદાયિની બને.

મુગ્ધા મુહુર્વિદધતી વદને મુરારેઃ
પ્રેમત્રપાપ્રણિહિતાનિ ગતાગતાનિ ।
માલાદશોર્મધુકરીવ મહોત્પલે યા
સા મે શ્રિયં દિશતુ સાગર સંભવા યાઃ ॥ ૨ ।

જેવી રીતે ભ્રમરી કમળદળ ઉપર વારંવાર આવ-જા કરતી રહે છે, એવી રીતે જ મુરદૈત્યના શત્રુ ભગવાન શ્રી મુરારિના મુખકમળની તરફ વારંવાર પ્રેમસહિત જઈ અને લજ્જાથી પાછી આવે છે, તે સમુદ્ર કન્યા લક્ષ્મીની મનોહર મુગ્ધ દૃષ્ટિમાળા મને અતુલ શ્રી ઐાર્યપ્રદાન કરે.

આમીલિતાક્ષમધિગ્યમ મુદા મુકુંદમ
આનંદકંદમનિમેષમનંગ તંત્રમ ।
આકેકરસ્થિતકનીનિકપક્ષ્મનેત્રં
ભૂત્યૈ ભવન્મમ ભુજંગ શયાંગના યાઃ ॥ ૩ ॥

જે સમસ્ત દેવાનો સ્વામી છે તથા ઈન્દ્રપદનો વૈભવ-વિલાસ આપવામાં સમર્થ છે તથા મુર નામના દૈત્યના ક્ષેત્રે ભગવાન શ્રીહરિને અત્યંત આનંદ પ્રદાન કરનારી છે તથા નીલકમલ જે લક્ષ્મીના સહોદર પ્રાતા છે, એવી લક્ષ્મીનાં અર્ધખુલ્લાં નેત્રોની દૃષ્ટિ એક ક્ષણ માટે મારા ઉપર થોડી પણ અવશ્ય પડે.

બાહ્વંતરે મધુજિતઃ શ્રિતકૌસ્તુભે યા
હારાવળીવ હરિનીલમયી વિભાતિ ।
કામપ્રદા ભગવતોપિ કટાક્ષમાલા
કળ્યાણમાવહતુ મે કમલાલયા યાઃ ॥ ૪ ॥

જેમની કીકી તથા ભવાં કમાનથી વશીભૂત બની અવિકસિત એકટક નયનોથી જોનારા આનન્દકન્દ સચ્ચિદાનંદ ભગવાન મુકુન્દને પોતાની સમીપ પામી કાંઈક તીરછી થઈ જાય છે. એવાં ભગવાન વિષ્ણુની અર્ધાંગિની શ્રી લક્ષ્મીજીનાં નેત્ર અમને પ્રભૂત ધન-સંપત્તિ પ્રદાયક બને. કનકધારા સ્તોત્રના રચયિતા જગદ્ગુરુ આદિદેવ શંકરાચાર્ય છે. એની પાછળની કથા મુજબ એક દિવસ ભગવાન શંકરાચાર્ય ભીક્ષા માટે એક ગરીબને ઘરે ગયા અને એ ગરીબને શંકરાચાર્ય ભગવાનને ભીક્ષામા શું આપવું? એ પ્રશ્ન થયો. એટલી ગરીબી હતી, કે ઘરમાં કંઈ જ ખાદ્ય પદાર્થ હતો નહિ.

એ ગરીબ ગૃહસ્થે ભગવાનને ભીક્ષામા એક સુકાય ગયેલું આંબળુ, કે જે એનાં ઘરમાં પડ્યું હતું એ આપ્યું. આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય ભગવાનને એની કારુણ્ય સ્થિતિ પર બહુ જ કરુણા ફૂટી અને એમણે મા લક્ષ્મીને આહવાન કર્યું કે આ ગૃહસ્થની ગરીબી ગમે તેમ કરીને દૂર કરો. કહેવાય છે કે માત્ર એક જ આંબળુ હોવા છતાં એણે એ આપી દીધું એટલે મા લક્ષ્મી એ ગૃહસ્થના ઘરમાં સોનાના આંબળાની વર્ષા કરીને, એનું દારિદ્રય દૂર કર્યું, અને આમ કનકની વર્ષા થઈ એટલે કે કનકની ધારા વહી તેથી તેને કનકધારા સ્તોત્ર તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય એ આપણાં જેવાં સંસારીઓ માટે આવા સ્રોત સ્તુતિની રચના કરી એ આપણી માટે વરદાન સમાન છે. કે જેનાં દ્વારા આપણે પણ મા જગદંબાના લક્ષ્મી સ્વરૂપની શુદ્ધ અને સાત્વિક બુદ્ધિથી આરાધના કરી અને ધન ધાન્ય પામી શકીએ છીએ જેના દ્વારા આપણે આપણા પરિવાર ઉપરાંત અન્યની ખુશીનું કારણ બની નગદ આનંદ ને મેળવી શકીએ છીએ.

આપણે મા આદ્યશક્તિ જગત જનનીને નવદુર્ગા સ્વરૂપે સ્વીકારી છે, પરંતુ તેના મુખ્ય ત્રણ રૂપ છે, અને એ આપણે સૌ જાણીએ છીએ. મહાલક્ષ્મી, સરસ્વતી, અને મહાકાલી, આ ત્રણ સ્વરૂપ એ તેના મુખ્ય ત્રણ સ્વરૂપ છે. મહાલક્ષ્મી ની ઉપાસના થી ધંધાની અને સમૃદ્ધિ વધે છે જ્યારે મા સરસ્વતીની આરાધના થી બુદ્ધિ પ્રજ્ઞા સ્વરૂપે સ્થિત થાય છે અને જ્ઞાન પ્રાપ્ત થાય છે કલા અને વિદ્યાના વરદાન પ્રાપ્ત થાય છે. જ્યારે મહાકાલી ની ઉપાસના થી શત્રુ નો નાશ થાય છે, અને મા કાલરાત્રિની અમુક નિશ્ચિત ઉપાસના કરવાથી વિશેષ સિદ્ધના વરદાન પ્રાપ્ત થાય છે, અને કહેવાય છે કે કાલરાત્રિ નું કોપાયમાન સ્વરૂપ જ શાંત અને સૌમ્ય બની સિદ્ધિદાત્રી તરીકે ઓળખાય છે. આમ તો મા પોતે એક એકાક્ષરી મંત્ર છે, અને આ દુનિયામાં મા ને સાક્ષાત ઈશ્વર તરીકે પણ સ્વીકારવામાં આવી છે, મા ના આ સ્વરૂપની પૂજા અર્ચના એટલે માન સન્માન આપવામાં આવે તો નવ દુર્ગાના નવેય સ્વરૂપ આપણી પર પ્રસન્ન રહે છે. દરેકનો ત્રણ માતા સાથે સંબંધ હોય છે. એક જન્મદાત્રી, જન્મભૂમિ અને માતૃભાષા! આ ઉપરાંત આપણે ત્યાં રાષ્ટ્ર ને પણ ભારત માતા કહેવાય છે. મા જગત જનની જગદંબા ના જે મુખ્ય ત્રણ સ્વરૂપ છે એને જન્મદાત્રી જન્મભૂમિ અને માતૃભાષા એ રીતે જોઈ ત્રણેયને આદર આપવામાં આવે એની પ્રસિદ્ધિ થાય એ રીતે એનાં માન સન્માન આપવામાં આવે હૃદયથી એની મૂલવણી કરવામાં આવે તો મહાલક્ષ્મી આપણી પર પ્રસન્ન થશે, અને એ ધન ધાન્ય અને ઐશ્વર્ય આપણી તથા અન્યની ખુશીને પણ મહત્વ આપીએ, કનક જેવાં માતાપિતાનાં સંસ્કારનેં હૃદયમાં ધારણ કરી આપણાં કુળનું ગૌરવ વધારીએ, એવી એક અનન્ય પ્રાર્થના મા જગત જનની જગદંબા ને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# "યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



આજે પંદર ઓક્ટોમ્બર ૨૦૨૩ રવિવારથી શરદીય નવરાત્રી શરૂ થશે નવરાત્રી, જાણો ક્યારે કળશ સ્થાપનાનું શુભ મુહૂર્ત નવરાત્રીમાં ઘટસ્થાપના અથવા કળશ સ્થાપનાનું ખાસ મહત્વ હોય છે. નવરાત્રી એટલે માઁ શક્તિના નવ દિવસ આરાધના અને પૂજા કરવાના દિવસો. . નવ દિવસ સુધી ચાલતા આ તહેવારમાં માઁ દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીમાં ઘટસ્થાપના અથવા કળશ સ્થાપનાનું ખાસ મહત્વ હોય છે. જે નવરાત્રીના પહેલા દિવસે કરવામાં આવે છે. આ વર્ષે શારદિય નવરાત્ર પંદર ઓક્ટોબરે શરૂ થશે અને નવરાત્રી બાવીસ ઓક્ટોબરે સંપન્ન થશે. છે. તેવીસ ઓક્ટોબરે વિજયાદશમી એટલે કે દશેરાનો તહેવાર મનાવવામાં આવશે.,

" આ શારદીય નવરાત્રિ પર માતા દુર્ગાના આશીર્વાદ મેળવવા માટે, પંદરમી ઓકટોમ્બર ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૪૪ થી ૧૨:૩૦ સુધી કળશ સ્થાપિત કરી શકાય છે. શારદીય નવરાત્રી ૨૦૨૩, ઘટસ્થાપન મુહૂર્ત :કળશ સ્થાપના પૂજા વિધિ નવરાત્રિ પર તમામ પ્રકારના શુભ કાર્ય કરી શકાય છે. માં દુર્ગા આ દિવસે ભક્તોના ઘરે આવે છે, તેથી શારદીય નવરાત્રિના પહેલા દિવસે ઘરના મુખ્ય દરવાજાની બંને બાજુ સાથિયો બનાવો અને દરવાજા પર આંબા અને આસો પાલવના પાનનું તોરણ લગાવો. નવરાત્રીમાં માતાની મૂર્તિને લાકડા ના ચોક કે આસન પર સ્થાપિત કરવી જોઈએ. જ્યાં મૂર્તિ કે ફોટો સ્થાપિત હોય ત્યાં સૌથી પહેલા સાથિયાનું ચિન્હ બનાવો. ત્યાર બાદ કંકુ-ચોખાનો ચાંદલો અને પછી ત્યાં માતાની મૂર્તિની સ્થાપના કરો.ત્યાર પછી માતાજીની વિધિ- વિધાન સાથે પૂજા કરો.કળશ સ્થાપન માટે જરૂરી સામગ્રી કળશ સ્થાપના માટે ઘણી સામગ્રી ની જરૂર પડે છે.જેમાં સાત પ્રકાર ના અનાજ,એક માટીનું વાસણ, પવિત્ર સ્થાન પરથી લાવવામાં આવેલી માટી, કળશ, ગંગાજળ, આસોપાલવના પાન, સોપારી, નારિયેળ, અક્ષત, લાલ કાપડ અને ફૂલની જરૂર પડે છે.

માઁ દુર્ગાની પૂજા માટેની સામગ્રીમાં દુર્ગાનો ફોટો કે મૂર્તિ, સિંદૂર, કેસર, કપૂર, પ, વ, અરીસો, દાંતિયો, કંગન-ભંગી, સુગંધિત તેલ, ચોકી, ચોકી માટે લાલ કાપડ,નારિયેળ, દુર્ગાસપ્ત શતી પુસ્તક, કેરીના પાનનું તોરણ, ફૂલ, મહેદી, ચાદલો સોપારી, આખી હળદર અને હળદરનો પાઉડર, આસન, પાંચ મેવા, ઘી, લોબાન, ગુગળ, લવિંગ, કમળ, સોપારી, કપૂર, હવન કુંડ, ચોકી, મોલી, ફૂલહાર, બિલ્લી પત્ર, દિવો, અગરબત્તી, નેવેધ, મધ, ખાંડ, જાયફળ, લાલ રંગની બંગડીઓ, કળશ, ચોખા, કંકુ, ઘી તેલ, પાન, લાલ રંગની ધ્વજા,એલચી, ખાંડ, ફળ અથવા મિઠાઈ, દુર્ગા ચાલીસા અને હવન માટે કેરીની લાકડીઓ ની જરૂર રહે છે.વાચક મિત્રો આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ નોરતાં. આ દિવસોએ લોકો નવ દુર્ગાનું વ્રત,ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે. કેટલાક લોકો નવરાત્રમાં વ્રત પણ કરે છે. ઘટસ્થાપન કરનારા આઠમ કે નોમને દિવસે કુમારીકાઓને ભોજન પણ કરાવે છે. આ ભોજનમાં બેથી દશ વર્ષની ઉંમરની નવ કુમારિકા ઓ હોય છે.

આ કુમારીઓનાં કલ્પિત નામ પણ છે,જેમકે, કુમારિકા,ત્રિભૂતિ, કલ્યાણી રોહિણી,કાલી, પંડિસ, સળવી, દુર્ગા અને સુભદ્રા. નવરાત્ર માં નવ દુર્ગામાંથી નિત્ય ક્રમવાર એક-એક દુર્ગાનું દર્શન કરવાનું પણ વિધાન છે.આપણે નવ દુર્ગાના સ્વરૂપ જોઈએ તો... (૧) શૈલ પુત્રી :-" મોં દુર્ગાનું આ પહેલું સ્વરૂપ છે. હિમાલયમાં જન્મ લેવાથી તેમને શૈલપુત્રી કહે છે. તેમનું વાહન વૃષભ છે જમણા હાથમાં ત્રિશૂળ અને ડબા હાથમાં કમળ ધારણ કર્યુ છે. તેની શક્તિ અનંત અને અપાર છે. નવરાત્રિના પહેલા દિવસે આ માતાની ઉપાસના કરવામાં આવે છે. (૨) બ્રહ્મચારિણી :" બીજા દિવસે એટલે કે સોળમી તારીખે મા દુર્ગા ભવાનીના બ્રહ્મ ચારિણી સ્વરૂપ કે જેમના જમણાં હાથમાં માળા અને ડાબા હાથમાં કર્મડળ ધારણ કર્યુ છે તેની પૂજા થાય છે. તેની ઉપાસનાથી વિય, ત્યાગ, વૈરાગ્ય તથા સંયમની વૃદ્ધિ થાય છે. (૩) ચંદ્રઘંટા :-" ત્રીજે દિવસે ચંદ્રઘંટા સ્વરૂપનું પુજન થાય છે.તેનું વાહન સિંહ છે. આને દશભુજા ઓ છે. મસ્તક ઉપર અર્ધચંદ્ર છે. આની ઉપાસના થી વિપત્તિઓ નાશ પામે છે. અને નિર્ભય તથા પરાક્રમી બનાવે છે. જીવનમાં થયું હતું. સુખ-શાંતિ પ્રાપ્ત થાય(૪) કુષ્માંડા :-" આ જ માતા, સૃષ્ટિની આધશક્તિ સ્વરૂપ છે. તેનું વાહન પણ સિંહ છે. આની ભક્તિથી આરોગ્યની વૃદ્ધિ થાય છે. તેને આઠભૂજાઓ છે. તેના હાથમાં ચક્ર, ગદા, અમૃતકળશ, કમળનું ,સિદ્ધિ પ્રદાન કરનારી માળા સ્કન્દમાતા -"સ્કન્દ માતા ને ચાર ભૂજાઓ હાથ છે તેના પૂજન થી સમસ્ત ઈચ્છાઓની પૂર્તિ થાય છે, પાંચમે દિવસે આની પૂજા થાય છે.(૬) કાત્યાયની :"આકાત્યાયની માં નું છઠ્ઠું સ્વરૂપ છે. મહર્ષિ કસ્યાયને સર્વપ્રથમ તેની ઉપાસના કરી હોવાથી તેનું નામ કાત્યાયની પડ્યું હતું. તેનું વાહન પણ સિંહ છે. અને તેને ચારભુજા ઓ છે. તેની પૂજાથી ધર્મ,અર્થ,કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.(૭) કાળરાત્રિ :- કાળરાત્રિ માનું સાતમું એક પ્રચલિત સ્વરૂપ છે તેનું સ્વરૂપ ભયાનક છે.તે ભક્તો ને ડરાવતી નથી પરંતુ દુષ્ટોનો,પાપીઓનો વિનાશ કરે છે.તેનું સ્વરૂપ કાળા રંગનું- વિખારાયેલવાળો, ગળામાં ભવ્યમાળાઓ વાળું છે. ડાબી બાજુના હાથમાં લોખંડની કટાર છે, ચેન હાથમાં તલવાર છે. ત્રિનેત્રધારી છે. દાનવ, દૈત્યો, ભૂત, પ્રેત વગેરે તેમના સ્મરણ માત્રથી ભાગી જાય છે.દૈત્ય રાક્ષસો સામે ના ક્રોધથી તેની જીભ પણ લાલ થઈ જાય છે.તેનો ક્રોધ શાંત કરવા માટે ભગવાન શંકર નીચે પડી ગયા અને તેના પર પગ મુકવા થી તેનો ક્રોધ અને ક્યાયમાન સ્વરૂપ શાંત ક્લાક ચાલીસ મિનિટ (૮) મહાગૌરી :" મા દુર્ગાનું આ 'મહાગૌરી આઠમું સ્વરૂપ છે. તેના વસ્ત્રો અને આભુષણ શ્વેત છે. વૃષભ ઉપર સવાર થયેલીમાં મહાગૌરી અત્યંત શાંત.પાપ નાશને કરનારી છે. તેની કઠોર તપશ્ચર્યા થી તેનો રંગકાળો થઈ ગયો હતો પરંતુ શિવજીએ તેમના ઉપર પવિત્ર જળ છાટ્યું હતું. જેથી તે ગૌરવર્ણવાળા અને કાંતિવાન બની ગયા હતા જેથી તેને મહાગૌરી કહે છે તેની કૃપાથી અલૌકિક સિદ્ધિ ઓ પ્રાપ્ત થાય છે. (૯) સિદ્ધિ દાત્રિ :-આ માં દુર્ગાનું એ સિદ્ધિ દાત્રિ નવમું સ્વરૂપ છે. તેને ચાર ભુજાઓ છે તેનું વાહન સિંહ છે તેની સાધના કરવાથી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.માઁ દુર્ગાના આ નવસ્વરૂપની આસ્થાથી સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા સંપત્તિની પ્રાપ્તિ થાય છે. નવરાત્રિ આ રીતે શક્તિપુજાનું મહાન પર્વ મનાય છે.

વાચકમિત્રો નવલા નોરતાની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે. આજે સવારે ઘટસ્થાપન પછી રાત્રે ગરબાની રમઝટ થનગનાટ તો અનોખો જ રહેવાનો. મા શક્તિ ની આરાધના ઉપાસના કરતા ગરબી ગરબા થકી આનંદ માણે તેવી શુભેચ્છા.. સહ

# સોશ્યલ મીડિયા ક્યાંક સંબંધો ઉપર હાવી તો નથી થઈ રહ્યું ને?



સોશ્યલ મીડિયાનો ઉપયોગ માણસજાત માટે વરદાન છે કે અભિશાપ? લગભગ સ્કૂલ-કોલેજીસમાં ડિબેટ કરી શકાય એવો આ મુદ્દો છે. સોશ્યલ મીડિયા એક એવું પ્લેટફોર્મ છે જેનાથી વ્યક્તિ દેશ દુનિયા સાથે સરળતાથી કનેક્ટ થઈ શકે છે. અત્યારે શું ચાલી રહ્યું છે, કોણ કોને શું કહી રહ્યું છે, કોણ કેવી પ્રતિક્રિયા આપી રહ્યું છે, કેવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે, શું નવીન બની રહ્યું છે, રાજકારણ, ક્રિકેટ, ફિલ્મો વગેરેમાં શું રંધાઈ રહ્યું છે એ તમામ બાબતો સોશ્યલ મીડિયા થકી ઘરેબેઠા જ આંગળીના વેઢે આપણી સામે ઉપલબ્ધ છે. પણ જો એનો ઉપયોગ કરવાના બદલે દુરુપયોગ થવા લાગે તો વરદાનને અભિશાપ બનતાં જરાય વાર નથી લાગતી.

ટ્વિટરના સીઈઓ એલોન મસ્કએ હમણાં જ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. તેઓએ ટ્વિટ કરીને જણાવ્યું કે વેરીફાય થયેલાં એકાઉન્ટ્સ રોજની ૬,૦૦૦ પોસ્ટ જોઈ શકશે. અનવેરીફાય એકાઉન્ટ્સ રોજની ૬૦૦ પોસ્ટ જોઈ શકશે અને નવા અનવેરીફાય એકાઉન્ટ્સ રોજની ૩૦૦ પોસ્ટ જોઈ શકશે. આ વ્યુ લિમિટ સેટ કરવા પાછળનું કારણ જણાવતાં તેઓએ કહ્યું કે આપણે બધા ટ્વિટર એડીક્ટેડ છીએ. એટલે આપણે એમાંથી બહાર નીકળી બહારની દુનિયામાં જવાની જરૂર છે. પરિવાર અને મિત્રો સાથે સમય પસાર કરવા માટે ફોનથી દૂર જવાની વાત તેઓએ કરી.

આ નિર્ણય તેમને આર્થિક રીતે અઢળક નુકસાન કરાવી શકે એમ હોવા છતાં ટ્વિટરના અનહદ વળગણના લીધે લોકો પોતાના નજીકના સંબંધોને સમય આપતાં ન હોય, સમગ્ર માણસજાતના સંબંધોને નિખારવા માટેનો હતો. એની સામે ઝુકરબર્ગે થ્રેડ્સ નામનું અન્ય એક સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ લોન્ચ કર્યું જેમાં માત્ર બે જ કલાકમાં ૨૫ મિલિયન એકાઉન્ટ્સ બની ગયાં. આ બન્ને ઘટના વચ્ચે કદાચ બેથી ત્રણ દિવસનો ગેપ હતો. જેમાં એક વ્યક્તિ પોતાના આર્થિક નુકસાનના ભોગે માણસજાતની માનસિક તેમ જ સોશ્યલ હેલ્થ વિચારી રહી છે, જ્યારે બીજી વ્યક્તિ ફરી અન્ય એપ્લિકેશન દ્વારા લોકોને એના એડીક્ટેડ બનાવી આર્થિક લાભ મેળવવા જઈ રહી છે. સેલ્યુટ કરવાનું મન થઈ આવે એલોન મસ્કને કે જેઓ આ કક્ષાએ પહોંચ્યા પછી પણ નફાને અવગણીને વ્યુ લિમિટ સેટ કરી, પરંતુ મહત્ત્વની વાત એ છે કે સોશ્યલ મીડિયાની આદત ધરાવનાર વ્યક્તિ શું એમના નિર્ણય પાછળ રહેલ ગર્ભિત અર્થને સમજી શકશે? અન્ય વ્યસનોની તુલનાએ આ પ્રકારના વ્યસનની થતી અસરો તરફ આપણે જોઈએ એટલા સજાગ નથી બન્યાં. એના ઘણાંય સારા પાસા છે જ. લોકો નવા મિત્રો બનાવે છે અને પછી રૂબરૂ મુલાકાત પણ કરે છે.

મેળાવડાઓ કે સ્નેહમિલન યોજી એકબીજાના સંપર્કમાં રહે છે. એકબીજાને જરૂરિયાતના સમયે મદદરૂપ બને છે. આ સંબંધ માત્ર જે તે વ્યક્તિ પૂરતો સીમિત ન રહેતાં પારિવારિક સંબંધમાં એ પરિણમે છે. વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોનું જ્ઞાન મળી રહે છે. હ્યુમર પણ એટલું જ પીરસાય છે. આ સોશ્યલ મીડિયાની ઉજળી બાજુ છે, પરંતુ એની સાથોસાથ બીજી બાજુને ઈગ્નોર ન કરી શકાય. વર્ચ્યુઅલ રિલેશન્સ નિભાવવા જતાં, રીએક્ટ અને કોમેન્ટ્સના વ્યવહારો સાચવવા જતાં ક્યાંક આપણે આપણા પરિવારના સદસ્યોને તો અન્યાય નથી કરી રહ્યાં ને? આ અંગે વિચારવું રહ્યું. અરે પરિવાર અને મિત્રો પણ પછી, આપણી જાતને એ કચકડામાં કેદ કરીને કુદરતના ખોળાથી વંચિત નથી રાખી રહ્યાં ને? આ સૌથી વધુ મહત્ત્વનું છે. દુનિયાને મુઠ્ઠીમાં કેદ કરીને ભરાતી ઉડાન કદાચ આપણને આપણા લોકોથી જ દૂર કરી રહી છે. સમજી શકાય કે સોશ્યલ મીડિયા હવે આપણી લાઈફનો અહેમ હિસ્સો છે.

## છીંક આવવાથી મગજની નસો ફૂટવાની શક્યતા



જો તમે પણ છીંક રોકવાની કોશિશ કરો છો તો સાવચેત રહો. આ જીવલેણ સાબિત થઈ શકે છે. તમે બહેરા થઈ શકો છો અને મગજની ચેતા પણ ફૂટી શકે છે. આવું એક અમેરિકન વ્યક્તિ સાથે થયું. તેને વારંવાર છીંક આવતી હતી. તેનાથી પરેશાન થઈને તેણે છીંક રોકવાનો પ્રયાસ કર્યો. પછી અચાનક એટલી જોરદાર છીંક આવી કે મગજની ચેતા ફાટી ગઈ. મગજમાં લોહી વહેવા લાગ્યું. હવે બચવું અશક્ય લાગતું હતું. આ વ્યક્તિની ત્રણ સર્જરી કરવી પડી, ત્યારે જ તેનો જીવ બચી ગયો. અલાબામા શહેરના રહેવાસી ૨૬ વર્ષીય સેમ મેસિનાએ જણાવ્યું કે તે બેડ પર સૂતો હતો. વારંવાર છીંક આવતી હતી. ઘણી વખત તેણે છીંક રોકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ અચાનક મને ખૂબ જ ઝડપથી છીંક આવી અને મગજની નસોમાં વિસ્ફોટ થયો અને ધમનીઓ ફાટી ગઈ. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે માથામાંથી લોહી નીકળવા લાગ્યું. નસકોરામાંથી લોહી વહેવા લાગ્યું. મને પણ આંચકો આવ્યો અને બેભાન થઈ ગયો. તે સમયે મારે મરી જવું જોઈતું હતું પણ ભગવાનનો આભાર કે હું બચી ગયો. મેસિનાએ જણાવ્યું કે બેહોશ થતા પહેલાં તેણે તેની માતાને ફોન કર્યો. મારી ગર્લફ્રેન્ડને કહ્યું, જે મને હોસ્પિટલ લઈ ગઈ. જ્યારે ડોક્ટરોએ જોયું તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. મારા મગજમાંથી લોહી નીકળતું હતું. તે હોસ્પિટલમાં આવી સારવારની કોઈ સુવિધા ન હોવાથી ઈમરજન્સીમાં તેને બીજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. અઠવાડિયામાં ત્રણ વખત સર્જરી કરવામાં આવી. ૨૭ ટાંકા લીધા. હોસ્પિટલના ઝેંમાં એક મહિનો વિતાવ્યા બાદ તબિયત સુધરી હતી. હમણાં પણ તબિયતમાં ખાસ સુધારો થયો નથી. ક્યારેક ચક્કર આવે છે. તબીબોના મતે આ વ્યક્તિનો જન્મ આર્ટેરીયોવેનસ માલફોર્મેશન (છફસ) નામની ખામી સાથે થયો હતો. મોટાભાગના લોકોને આ સમસ્યા હોય છે. તેને એન્યુરિઝમલ ખોડખાંપણ પણ કહેવામાં આવે છે. જ્યારે મગજમાં ધમનીઓ અને નસોને જોડતી રક્તવાહિનીઓ એકબીજામાં ફસાઈ જાય છે, એટલે કે, તેમનામાં અસામાન્ય જોડાણ રચાય છે ત્યારે રક્ત ગંઠાઈ જાય છે. તીક્ષ્ણ છીંકને કારણે આ ગાંઠમાં વિસ્ફોટ થયો અને ધમનીઓ ફૂટી. આ એક જીવલેણ સ્થિતિ છે. એટલે કે મૃત્યુ થઈ શકે છે.

## શું તમે પણ ઊંઘમાં મોટેથી નસકોરા બોલાવો છો?

ઊંઘ દરમિયાન ઓક્સિજનની અછત થવાથી મગજ શરીરને તેની ચેતવણી આપે છે, જેનાથી શરીર ઊંઘમાંથી જાગૃત થઈને શ્વાસને ફરી કાર્યરત કરે છે. આ પેટર્ન એક રાતમાં સેંકડો વખત થઈ શકે છે. સામાન્ય રીતે શ્વાસનો વિરામ ૧૦-૩૦ સેકંડ જેટલો જ રહે છે, પરંતુ કેટલાક કિસ્સામાં તે ૧ મિનિટ કે તેથી વધુ સમય ચાલે છે. પરિણામે લોહીના ઓક્સિજન સેચ્યુરેશનમાં એકાએક ઘટાડો થઈ શકે છે અને ગંભીર કેસોમાં ઓક્સિજનનું સ્તર ૪૦% કે તેનાથી વધારે ઘટી જાય છે. ઊંઘ દરમિયાન ઓક્સિજનની અછત થવાથી મગજ શરીરને તેની ચેતવણી આપે છે, જેનાથી શરીર ઊંઘમાંથી જાગૃત થઈને શ્વાસને ફરી કાર્યરત કરે છે. આ પેટર્ન એક રાતમાં સેંકડો વખત થઈ શકે છે.



જેના કારણે શરીરને પૂરતી ઊંઘ નથી મળતી અને દિવસના સમયે વધારે ઊંઘ આવવા લાગે છે. ત્યારે અહીં તેના લક્ષણો વિશે પણ જાણકારી આપવામાં આવી છે. સ્લીપ એપનિયા એટલે કે ઊંઘ સાથે જોડાયેલી એક ગંભીર બીમારી. સ્લીપ એપનિયાની સ્થિતિમાં ઘણી વખત ઊંઘ ઉડી જાય છે. ઘણી વખત તો શ્વાસ પણ બંધ થઈ જાય છે. તમને જાણીને આશ્ચર્ય થશે- દેશની ૧૩ ટકા વસ્તી ઓબસ્ટ્રક્ટીવ સ્લીપ એપનિયાથી પીડિત છે. પુરુષોમાં ૧૯.૭% છે, જ્યારે મહિલાઓમાં આ આંકડો ૭.૪% છે. સ્લીપ એપનિયાની સ્થિતિમાં એક કલાકમાં ત્રીસ કે તેથી વધુ વખત, શ્વાસની તકલીફ અને ઊંઘમાં વિક્ષેપ સર્જાય છે. આ એક એવી બીમારી છે, જે નિંદ્રાને લગતી વધુ સમસ્યાઓનું કારણ બની શકે છે. સ્લીપ એપનિયમાં ઘણી વખત ઊંઘ ઊડી જાય છે. જેનાથી આ તમામ પ્રક્રિયાઓમાં ખલેલ પહોંચે છે. અમેરિકાની નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનના એક રિસર્ચમાં જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯ના સમયમાં સ્લીપ એપનિયાની ફરિયાદ વધી શકે છે.

## દુનિયાની અનોખી ઘડિયાળ જેમાં ૧૨ વાગતા જ નથી



ભાઈ તારા ચહેરા પર ૧૨ કેમ વાગ્યા છે. આ શબ્દો તમે કેટલીક વખત તમારા મિત્રોને કીધા હશે જ્યારે તે ઉદાસ હશે. પણ શું તમે ક્યારેય કોઈને કીધું છે કે તારા ચહેરા પર ૧૧ કેમ વાગ્યા છે? હકીકતમાં ૧૨ તો ઘડિયાળમાં જ વાગતા હોય છે. પણ દુનિયામાં એક જગ્યા એવી છે જ્યાંની ઘડિયાળમાં ક્યારેય ૧૨ વાગતા જ નથી. જાણીને તમને આશ્ચર્ય થશે પરંતુ આ સાચી વાત છે. એક એવી ઘડિયાળ છે જેમાં ક્યારેય ૧૨ વાગતા નથી. એક એવી ઘડિયાળ જ્યાં ક્યારેય ૧૨ વાગતા નથી. આ ઘડિયાળ સ્વિટ્ઝર્લેન્ડમાં છે સ્વિટ્ઝરલેન્ડના સોલોર્થન શહેરમાં ક્યારેય ૧૨ વાગતા નથી. કારણ શું. અહિયાના લોકોને ૧૨ અંક ગમતો જ નથી. અને ૧૧ અંક એટલો જ પ્રિય છે. આ વાત ખાલી ઘડિયાળ પૂરતી નથી. પરંતુ દરેક કામમાં ૧૧ અંકને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ૧૧મો જન્મ દિવસ ઉત્સાહ પૂર્વક ઉજવાય.. અને તેમાં આપવામાં આવતી ભેટ પણ વિશેષ હોય છે. ચર્ચા અને ચેપલની ગણતરી પણ ૧૧-૧૧ની આસપાસ કરવામાં આવે છે. હકિકતમાં સ્વિટ્ઝર્લેન્ડના સોલોર્થન શહેરમાં એક ચર્ચ છે જેમાં ૧૧ અંકને પ્રાથમિક્તા આપવામાં આવી છે. પરંતુ અહીંના લોકો શું કામ ૧૧ અંકને આટલુ મહત્વ આપે છે. કેમ આ લોકો ૧૧ અંકના દિવાના છે કે ઘડિયાળમાં પણ છેલ્લે ૧૧ જ વાગે છે. આની પાછળ એક પ્રાચીન માન્યતા છે. સોલોથર્નના રહેવાસીઓ ખુબ જ મહેનતુ હતા. પરંતુ તનતોડ મહેનત પછી પણ ગરીબી પીછો છોડતી નહોતી. અને લાંબા સમય પછી અહીંની ટેકરીઓ પર એલ્ફ આવવા લાગ્યા. અને એલ્ફ આવતાની સાથે જ લોકોના જીવનના ખુશહાલી ફરી આવી ગઈ. એલ્ફ વિશે જર્મનીમાં પૌરાણિક કથાઓ પણ છે. જર્મન લોકો માને છે કે એલ્ફ પાસે દિવ્ય તેમજ અલૌકિક શક્તિ હોય છે. હકીકતમાં જર્મનીમાં એલ્ફને પણ ૧૧ સાથે જોડીને માનવામાં આવે છે. આજ કારણ છે કે સોલોથર્નના લોકો પણ એલ્ફને ૧૧ નંબર સાથે જોડીને માને છે. દુનિયામાં કેવા ગજબના લોકો છે. પોતાની પસંદ ના પસંદને ધ્યાનમાં રાખીને કેટલાક કુદરતી નિયમો પણ લોકો બદલી નાખતા હોય છે.

BOLLYWOOD NEWS FLASH

## આભા પૌલે બોલ્ડ અવતારથી ઇન્ટરનેટ ઉપર ધૂમ મચાવી



। મુંબઈ, તા.૧૪ ।

વેબ સિરીઝ XXX અને ગંદી બાત'માં તેની ભૂમિકાઓ માટે જાણીતી આભા પૉલે ફરી એકવાર તેના બોલ્ડ અવતારથી ઈન્ટરનેટ પર ધૂમ મચાવી છે. અભિનેત્રીએ સેક્સી આઉટફિટ્સ અને બોલ્ડ લુકમાં ઈન્સ્ટાગ્રામ પર તેની તસવીરો શેર કરી છે, જેનાથી તેના ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. આભા તેના બોલ્ડ લુક માટે જાણીતી છે, એક્ટ્રેસનો સિઝલિંગ લૂક જોઈને ફેન્સ કોમેન્ટ કરવાથી પોતાને રોકી શકતા નથી. આભા પોલની તસવીરો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થાય છે. આભા પોલ ચાહકો તેમને લોલિતા ભાભીના નામથી પણ ઓળખે છે. આભા પોલ સાઉથ ઈંડસ્ટ્રીમાં પણ પોતાના હુસ્નનો જાદૂ પાથરી ચુકી છે. અભિનેત્રી આભા પોલ તમિલ ફિલમોમાં જાણીતો ચહેરો છે. ઓટીટી પર બોલ્ડ અદાઓ બતાવાની મર્યાદા પાર કરવાના કારણે ચર્ચામાં રહે છે. આભા પોલ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને સિંઝલિંગ અદાઓથી ચાર ચાંદ લગાવી દે છે. ઠઠઠ સ્ટાર આભા પોલ ખૂબ જ બોલ્ડ અભિનેત્રી છે. તે સોશિયલ મીડિયા ક્વીન પણ છે. તે અવારનવાર તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના હોટ અને સેક્સી લુકની તસવીરો શેર કરતી રહે છે. આ સાથે જ તેણે વેબ સિરીઝની દુનિયામાં પણ ઘણું નામ કમાવ્યું છે. આ વેબ સિરીઝમાં કામ કરતાં પહેલાં આભાએ કામસૂત્ર 3D (અંગ્રેજી) માં પોતાની સુંદરતા બતાવી છે. જો તમે આભા પોલની હોટનેસ જોવા માંગતા હોવ તો તમે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જઈ શકો છો.

## એક સમયે શક્તિનું હરવા-ફરવાનું પણ મુશ્કેલ થઈ ગયું હતું



। મુંબઈ, તા.૧૪ ।

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના મોટા કલાકારોને પોતાના ડાન્સના સ્ટેપ નચાવતી ડાન્સિંગ ક્વીન તરીકે ઓળખાય છે. આ જાણીતી ડાન્સ કોરિયોગ્રાફર શક્તિ મોહન આજે ૧૨મી ઑક્ટોબરે પોતાનો ૩૭મો જન્મદિવસ ઉજવી રહી છે. ૧૨ ઓક્ટોબર ૧૯૮૫ના રોજ મુંબઈમાં જન્મેલી શક્તિ મોહનને ત્રણ બહેનો છે, કૃતિ, મુક્તિ અને નીતિ મોહન. જાણવા જેવી બાબત તો એ છે કે ત્રણેય બહેનો એક્ટર, ડાન્સર અને સિંગર છે. આજના સમયમાં શક્તિને કોઈ પણ ઓળખની જરૂર નથી. તેણે ઘણા ટીવી ડાન્સ રિયાલિટી શોમાં ભાગ લીધો છે અને તે જજ તરીકે પણ જોવા મળી છે. શક્તિ મોહને ટીવીના ડાન્સ રિયાલિટી શો ‘ડાન્સ ઈન્ડિયા ડાન્સ’ સીઝન ૨થી પોતાની કરિયરની શરૂઆત કરી હતી. તેને આ સિઝનના તમામ ડાન્સર્સને હરાવીને શોની વિજેતા બની હતી. ‘ડાન્સ ઈન્ડિયા ડાન્સ’ જીત્યા બાદ શક્તિ ‘દિલ દોસ્તી ડાન્સ’માં પણ જોવા મળી હતી. તેણે વર્ષ ૨૦૧૫માં શક્તિ મોહન સ્ટાર પ્લસના ડાન્સ રિયાલિટી શો ‘ડાન્સ પ્લસ’માં જજ તરીકે જોવા મળી હતી. પણ તમે લોકો નહીં જાણતા હોય કે અહીં સુધીની સફર શક્તિ માટે સરળ ન હતી. એક વખત એવો પણ આવ્યો કે શક્તિ મોહને કલાકારોને ડાન્સ શીખવતા પગ ગુમાવ્યો. કોરિયોગ્રાફિ કરતી વખતે અકસ્માત થયો અને તેણે પગ ગુમાવ્યો હતો. ડાન્સર અને કોરિયોગ્રાફર શક્તિ મોહને તેના એક ઈન્ટરવ્યુ દરમિયાન તેના બાળપણની દુખ ભરી વાતને શેર કરતી વખતે કહ્યું હતું કે, ‘જ્યારે પોતે નાની હતી, ત્યારે તેનો અકસ્માત થયો હતો જેના કારણે તેને ગંભીર ઈજાઓ થઈ હતી’. શક્તિએ કહ્યું હતું કે, ‘તેની ઈજાને કારણે ડૉક્ટરોએ એક વાર એવું પણ કહી દીધું હતું કે તે ક્યારેય ચાલી નહીં શકે’. આ સાંભળીને પણ શક્તિએ હાર ન માની અને પરિવારે ક્યારેય હાર માનવા ન દીધી. આ ડાન્સર તેના પરિવારની મદદથી પોતાના પગ પર ઉભી રહી અને આજે તે ઈન્ડસ્ટ્રીમાં જાણીતી કોરિયોગ્રાફર અને ડાન્સર છે.

## સંદીપા ધરના લેટેસ્ટ ફોટોશૂટે વધાર્યો તાપમાન

। મુંબઈ, તા.૧૪ ।

સલમાન ખાનની ફિલ્મ દબંગ ૨ કેમિયો કરનાર અભિનેત્રી સંદીપા ધર તેના લુકકે કારણે હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં અભિનેત્રી કેટલીક તસવીરો શેર કરી છે. સંદિપા ધરએ અભિનયની શરુઆત ૨૦૧૦માં આવેલી ફિલ્મ ઈસી લાઈફ મે થી કરી હતી. આ ફિલ્મમાં તેમના અભિનય માટે તેમને શ્રેષ્ઠ નવોદિત કલાકાર માટે ફિલ્મફેર એવોર્ડ, સ્ટાર સ્ક્રીન એવોર્ડ અને સ્ટારડસ્ટ એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવી હતી. સંદીપાએ દબંગ ૨ ફિલ્મમાં નાનકડી ભૂમિકા ભજવી હતી.



સંદીપા ધરનો જન્મ શ્રીનગરમાં એક કાશ્મીરી પંડિત પરિવારમાં થયો હતો. તે પ્રોફેશનલી પ્રશિક્ષિત ડાન્સર છે. તેણીના નૃત્ય માટે ઘણા પુરસ્કારો જીત્યા પછી, તેણીએ વાણી ગણપતિ હેઠળ ૮ વર્ષ સુધી ભરતનાટ્યમની તાલીમ લીધી છે. તેણે શ્યામક દાવર અને ટેરેન્સ લુઈસ પાસેથી ૪ વર્ષ સુધી જૈજ અને કન્ટેમ્પરરીની તાલીમ પણ લીધી છે. તે નેશનલ પબ્લિક સ્કૂલ, ઈન્દિરાનગર, બેંગ્લોરની ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે. તરણ આદર્શે ફિલ્મમાં તેના અભિનયની પ્રશંસા કરતા કહ્યું કે, “સંદીપા ધર એક શાનદાર પ્રતિભા છે જે તમારું ધ્યાન ખેંચે છે.

## બોબી દેઓલના લીધે સનીનું કરિયર ખતમ થઈ ગયું



। મુંબઈ, તા.૧૪ ।

બોલિવૂડના સુપરહિટ ભાઈઓ સની દેઓલ અને બોબી દેઓલની ફિલ્મો દશકોથી લોકોનું મનોરંજન કરી રહી છે. બંનેએ હીરો તરીકે ડેબ્યૂ કર્યુ હતું, પરંતુ આજે બોબી દેઓલ દર્શકોને નેગેટિવ રોલમાં વધુ પસંદ કરે છે. ત્યાં સની દેઓલ ‘ગદર’ના તારા સિંહની ઈમેજને જાળવી રાખવામાં સફળ રહ્યો છે. સની દેઓલે ૧૯૮૩માં સુપરહિટ ફિલ્મ બેતાબથી પોતાના શાનદાર કરિયરની શરૂઆત કરી હતી, જે બાદ આવેલી ફિલ્મો ‘પાપ કી [illegible]યા’, ‘ત્રિદેવ’ અને ‘ઘાયલ’ પણ ખૂબ ચાલી. એક્ટર ઓછા સમયમાં [illegible]ુલર થઈ ગયો. બોબી દેઓલે ભાઈ સનીના ડેબ્યૂના આશરે ૧૨ વર્ષ [illegible] ફિલ્મ ‘બરસાત’થી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી.

## રાજામૌલીએ એનટીઆરની ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ રહી

। મુંબઈ, તા.૧૪ ।

આજે દરેક મોટા અભિનેતા SS રાજામૌલી સાથે કામ કરવાનું સપનું જુએ છે, જેમની ‘બાહુબલી’ અને ‘RRR’ જેવી ફિલ્મોને હોલીવુડના દિગ્ગજ કલાકારોએ પણ વખાણી છે. ફિલ્મ નિર્માતાએ જુનિયર એનટીઆર સાથે દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી, જેમની સાથે તે ખૂબ જ વિશિષ્ટ જોડાણ ધરાવે છે. જીજી રાજામૌલીએ જુનિયર એનટીઆર સાથે અત્યાર સુધીમાં કુલ ચાર ફિલ્મો કરી છે, અને તમામ બોક્સ ઓફિસ પર સફળ રહી છે. SS રાજામૌલીએ ફિલ્મ ‘સ્ટુડન્ટ નંબર વન’ દ્વારા દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી, જેમાં દર્શકોએ જુનિયર એનટીઆરને મુખ્ય અભિનેતા તરીકે પસંદ કર્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. SS રાજામૌલી અને જુનિયર એનટીઆરએ પણ તેમની બીજી ફિલ્મ ‘સિમ્હાદ્રી’ સાથે અજાયબીઓ કરી હતી. દર્શકોને પણ આ ફિલ્મ પસંદ પડી હતી અને તે બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. ફિલ્મ ‘યમદોંગા’માં જુનિયર એનટીઆરની એક્ટિંગ અને SS રાજામૌલીનું ડિરેક્શન પણ લોકોને પસંદ આવ્યું હતું. આ ફિલ્મે પણ સફળતાનો શીખરો પાર કર્યા હતા. વર્ષ ૨૦૨૨માં રિલીઝ થયેલી SS રાજામૌલીની ‘RRR’એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી.



### ડીસામાં સેન્ટ્રલ ફૂડ વિભાગના દરોડાથી

# હડકંપ શંકાસ્પદ એસેન્સનો મોટા પ્રમાણમાં જથ્થો સીઝ કર્યો દુકાન સીલ મારી સેમ્પલ એફએસએલમાં મોકલાયા

**। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૧૪ ।**

બનાસકાંઠા જીલ્લાની આર્થીક નગરી ડીસામાં શંકાસ્પદ એસન્સનો મોટા પ્રમાણમાં જથ્થો જડપાતા હડકંપ મચી જવા પામ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આગામી તહેવારોને ટાણે રાજ્ય સહિત કેન્દ્રની ફૂડ અને ડ્રગ વિભાગ એલર્ટ બની ગયું છે. કારણ કે અગાઉ બનાસકાંઠા સહીત ડીસામાં માવા સહીત અનેક ખાધપ દાર્થમાં ભેળસેળ અને ડુપ્લિકેટના કિસ્સાઓ સામે આવ્યા છે. જ્યારે ખાસ કરીને તહેવારોને લઈ કેટલાક તત્વો વધુ નફો કમાવવાની લાલચમાં અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરી લોકોનો આરોગ્ય સાથે ચેડા કરતા હોય છે. ત્યારે તહેવારોમાં આવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે ગુજરાત રાજ્ય સહિત કેન્દ્રની ફૂડ અને ડ્રગ વિભાગ સક્રિય થયુ છે.

જેમાં ગઈકાલે મોડી રાત્રે ડીસામાં પણ ગેરકાયદેસર રીતે એસન્સનુ વેચાણ કરતા નિલેશ ચોખાવાલાની દુકાનમાં દરોડા પાડ્યા હતા. સેન્ટ્રલ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે રીસાલા બજાર પાસે આવેલ નિલેશ ચોખાવાલાની દુકાનમાં તપાસ હાથ ધરતા શંકાસ્પદ એસન્સનો જથ્થો મળી આવ્યો હતો. જેથી તરત જ એસન્સના સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ થઈ હતી અને અલગ અલગ ૧૦ જેટલા



સેમ્પલ લઈ તપાસ માટે એફએસએલમાં મોકલવાની તજવીજ હાથ ધરી હતી. આ એસન્સ મીઠાઈ સહિત અનેક પ્રકારની ખાદ્ય ચીજવસ્તુઓમાં ફલેવર તરીકે ઉપયોગ કરવામાં આ છે. ખાસ કરીને ઘી અને તેલમાં તેનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે અને તે શરીર માટે ખુબજ હાનિકારક હોય છે . જેથી ફૂડ વિભાગની ટીમે મોટા પ્રમાણમાં એસન્સના જથ્થાને સિઝ કરી દુકાનને પણ સીલ કરી હતી. અત્યાર સુધી ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત રાજ્ય એટલે કે ગાંધીનગર સુધીની જ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમો આવી તપાસ કરતી હતી, પરંતુ આ વખતે સેન્ટ્રલ ફૂડ એન્ડ વિભાગની ટીમના દરોડા પડતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો હતો,



**। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૪ ।**

લીમડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી નવરાત્રીના તહેવાર અન્વયે આયોજકોની મીટીંગ લઈ તેઓની તૈયારી બાબતે ચર્ચા કરી તથા સરકારશ્રીની ગાઈડલાઈનનું પાલન થાય તેમજ પોલીસ અને આયોજક સંકલનમાં રહીને તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી.

### ઝાલોદ પોલીસ સ્ટેશનમા નોંધાયેલ ગુનામાં લોનની લાલચ આપી

## ૪૬૭૫૦૦ રૂપિયાની ઠગાઈ કરનારને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી દાહોદ સાયબર સેલ દાહોદ

**। ઝાલોદ, તા.૧૪ ।**

ઝાલોદ તાલુકાના વ્યક્તિને ઝાંસામા લઈ ૮૦૦૦૦૦૦ રૂપિયાની વગર વ્યાજની લોન અપાવવાની લાલચ આપનાર અર્પિત પ્રવિણચંદ્ર પટેલ જે વડોદરાના રહેવાસી છે તેને દાહોદ સાયબર ક્રાઈમના પો.ઈ ડી.ડી. પઢીયાર દ્વારા એક ટીમ બનાવી ગણતરીના કલાકોમાં ઝાલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ કેસના આરોપીને ઝડપી પાડવામાં આવેલ છે. અર્પિત પ્રવિણચંદ્ર પટેલ જે પહેલા બૅંકમાં નોકરી કરતો હતો. તેણે આઈ.સી.આઈ.સી બેંક અને કોટકની બેંક ડિપાર્ટમેંટમાંથી ‘‘એ’’ કેટેગરીના અંદાજીત ૧૦૦ જેટલા વ્યક્તિઓના ડેટા મેળવી બેંક કર્મચારી બની લોન અપાવવામાટે કોલ કરતો હતો. આ આરોપીએ ઝાલોદ તાલુકાના વ્યક્તિને વગર વ્યાજની ૮૦૦૦૦૦૦ રૂપિયાની વગર વ્યાજની લોન અપાવવાની લાલચ આપી તે વ્યક્તિને વિશ્વાસમાં લઈ તેના પાસેથી બૅંકની અલગ અલગ ફીના બહાના હેઠળ અંદાજીત ૪૬૭૫૦૦ રૂપિયા લીધેલ હતા. ઝાલોદ તાલુકાના વ્યક્તિને આઠ મહિના થઈ ગયા હોવા છતાય લોન ન મળતાં તે વ્યક્તિએ ઝાલોદ પોલિસ અને સાયબર ક્રાઈમ દાહોદ ખાતે આ અંગે ફરિયાદ નોંધાવેલ હતી. દાહોદ સાયબર સેલના પોલિસ દ્વારા કેસનો સંપૂર્ણ અભ્યાસ કરી અર્પિત પ્રવિણચંદ્ર પટેલને ગણતરીના કલાકોમાં ઝડપી લેવામાં સફળતા મેળવેલ હતી તેમજ આ કેસમાં અન્ય બે આરોપી જેમણે બેંકના ડેટા લીક કરેલ હતા તેમના સામે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ તાલુકા બીઆરસી કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

### બે દિવસીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનને ૩ હજાર લોકોએ નિહાળી, બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા



**। વલસાડ, તા.૧૪ ।**

ગાંધીનગર જીસીઈઆરટી અને વલસાડ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પ્રેરિત તથા વલસાડ તાલુકા પંચાયત આયોજિત બીઆરસી કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા ખાતે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને વલસાડ નગરપાલિકા વહીવટદાર ગૌરાંગ વાસાણીના હસ્તે ખૂલ્લું મૂકાયું હતું.

પ્રદર્શનમાં સમારંભના પ્રમુખ તરીકે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૧ અને ૧૨ ઓક્ટો. બે દિવસ યોજાયેલુ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સફળ રીતે સંપન્ન થયું હતું. સમાજ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય આધારિત પ્રદર્શનમાં શાળાઓમાંથી ૬૦ કૃતિ રજુ થઈ હતી. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનને નિહાળવા ૩૦૦૦ લોકો જોડાયા હતા. પ્રથમ વિભાગ (સ્વાસ્થ્ય)માં પ્રથમ નંબરે કોસમકૂવા પ્રાથમિક શાળા, બીજા નંબરે નાની દાંતી પ્રાથમિક શાળા, બીજો વિભાગ (જીવન પર્યાવરણની અનુરૂપ જીવનશૈલીમાં) પ્રથમ નંબરે આગર ફળિયા માલવણ પ્રાથમિક શાળા બીજા નંબરે હાલર પ્રાથમિક શાળા, ત્રીજો વિભાગ (કૃષિ) માં પ્રથમ નંબરે ઊન્ડી ફળિયા, અટગામ પ્રાથમિક શાળા, બીજા નંબરે ભાગલ પ્રાથમિક શાળા, ચોથો વિભાગ (પ્રત્યાયન અને વાહનવ્યવહાર)માં પ્રથમ નંબરે પ્રાથમિક સંસ્કાર વિદ્યામંદિર, ખોખરા પ્રાથમિક શાળા અને બીજા નંબરે નવેરા પ્રાથમિક શાળા, પાંચમો વિભાગ (ગણનાત્મક ચિંતન-કમ્પ્યુટરના ઉપયોગ સંલગ્ન ચિંતનાત્મક પ્રક્રિયા) માં પ્રથમ નંબરે ભદેલી બ્રાન્ચ પ્રાથમિક શાળા, બીજા નંબરે ભોળાનગર પ્રાથમિક શાળા વિજેતા જાહેર થઈ હતી. પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલી તમામ શાળા હવે જિલ્લા કક્ષાએ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

### ભરૂચ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા

# આઈ.સી.ડી.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે રૂંગ્ટા વિદ્યાલય ખાતે કિશોરી મેળાનું આયોજન




**। ભરૂચ, તા.૧૪ ।**

જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી અને જિલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે બેટી બચાવો બેટી પઢાઓ તેમજ પૂર્ણા યોજના તળે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી પ્રસંગે સશક્ત કિશોરી સુપોષિત ગુજરાત થીમ આધારિત ભરૂચ જિલ્લાના રૂંગ્ટા વિદ્યાલયમાં જિલ્લા કક્ષાનો કિશોરી મેળો યોજાયો હતો.

આ મેળામાં રોજગાર કચેરી, મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી તેમજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા મહિલાલક્ષી યોજનાકીય માહિતી તેમજ કાનુની માહિતી માટે સ્ટોલ રાખવામાં આવેલ. આઈ.સી.ડી.એસ કચેરી દ્વારા મીલેટસ અને પૂર્ણા શક્તિ પેકેટમાંથી તૈયાર કરવામાં આવેલ વાનગીઓની કિશોરીઓને સેવન કરાવી સ્વાસ્થયની કાળજી લેવા પ્રેરિત કરી હતી. આરોગ્ય વિભાગ દ્વારા કિશોરીઓની સ્વાસ્થય ચકાસણી કરવામાં આવી.

આ વેળાએ હાજર રહેલ દરેક કિશોરીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી તેમજ મહિલા સુરક્ષાલક્ષી યોજનાની માહિતી આપવામાં આવી તદઉપરાંત હાજર રહેલ દરેક કિશોરીઓને મેન્સ્ટ્રૂલ હાયજીન કીટ આપવામાં આવી.

‘‘કિશોરીઓને તેમના હક જેવા કે જેવા કે શિક્ષણ, સશક્તિકરણ, પોષણ, સ્વાસ્થ્ય અને દીકરી




અને દીકરાના ભેદભાવ રહિત સમાજની સ્થાપના કરીશું.’’ આ પ્રતિજ્ઞા વાંચન અને સિગ્નેચર કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ ૧૧ થી ૧૩ ઓકટોબર, ૨૦૨૩ સુધી વિવિધ જગ્યાએ કિશોરી મેળાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ અધિકારીશ્રી કાશ્મીરાબેન સાવંત,જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી પ્રિતેશભાઈ વસાવા, આઈ.સી.ડી.એસ વિભાગના સી.ડી.પી.ઓ સુશ્રી રિદ્ધિબા ઝાલા, મેડિકલ ઓફિસર ડો.મોદી, જિલ્લા રોજગાર વિભાગ, ગુહ વિભાગમાથી સેલ્ફ ડિફેન્સ ટીમ, સી ટીમ, DHEW હબ સ્ટાફ, PBSC સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટર સ્ટાફ, મુખ્ય સેવિકાઓ, આંગણવાડી કાર્યકર્તા બહેનો અને મોટી સંખ્યામાં કિશોરીઓ હાજર રહેલ હતી.

## ભાવનગરમાં દાઉદી વ્હોરા સમાજના મહાન ઓલિયાનો ઉર્ષ મુબારક

**હુસામુદ્દીન કપાસી**

**। જસદણ, તા.૧૪ ।**

ભાવનગરમા દાઉદી વ્હોરા સમાજના મહાન ઓલિયા મુલ્લાં લુકમાનજી કરીમજી સાહેબનો ઉર્ષ મુબારક અનુસંધાને આજે બિરાદરો અદન અને અકીદત સાથે ઊમટી પડયા હતાં આજીવન સેવાવ્રત પાળનારા મુલ્લાં લુકમાનજી સાહેબે પોતાની હયાતી દરમિયાન દિન દુ:ખીયાના કામ અને અલ્લાહની બંદગી કરતાં હતાં તેથી લોકો જિંદાપીર તરીકે માનતા હતા હાલ તેમનાં મઝાર પર અનેક લોકો માનતા, બાધા આખડી રાખે છે તેથી બિમારોને શિફા થાય છે એમ શ્રદ્ધાળુઓનુ કહેવું છે તેમનાં ઉર્ષ મુબારક નિમિતે બહોળી સંખ્યામાં લોકોએ અકીદતના પુષ્પો અર્પણ કર્યાં હતાં નોંધનીય છે કે મુલ્લા લુકમાનજી સાહેબના મઝાર પર દાઉદી વ્હોરા સમાજના એકાવન અને બાવનમાં દાઈ (સર્વોચ્ચ ધર્મગુરુ) સૈયદના સાહેબે પણ અહી ખાસ આવી પુષ્પાંજલી અર્પણ કરી હતી. શુક્રવારે સાંજથી વ્હોરા બિરાદરો મોટી સંખ્યામાં આવી મુલ્લાં લુકમાનજી સાહેબને આંસુની અંજલી પાઠવી હતી.

### તાપી જિલ્લો - ‘‘મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન’’

# તાપી જિલ્લામાં સોનગઢ તાલુકાના આમાલપાડ, બોરદા ગામ સહીત વિવિધ ગામો ખાતે ‘અમૃત કળશ યાત્રા’ યોજાઇ

### દેશની આઝાદીના ઇતિહાસમાં ધરતી માતાને ગૌરવ આપવાનું કામ આપણા વડાપ્રધાનશ્રીએ કર્યું છે : રાજ્યમંત્રી કુંવરજીભાઇ હળપતિ



**। તાપી, તા.૧૪ ।**

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં ઉત્સાહપૂર્વક ‘મારી માટી, મારો દેશ’ અભિયાનની ઉજવણી કરાઈ હતી. આ સાથે વીર શહીદોની યાદમાં ઠેર ઠેર ‘માટીને નમન, વીરોને વંદન’ થીમ સાથે કાર્યક્રમો યોજાયા હતા. આ ઉજવણીના ભાગરૂપે બીજા ચરણમાં કળશ યાત્રાનું દેશવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. બીજા ચરણની કળશ યાત્રાના ભાગરૂપે તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના પાઘડકુવા, આમલપાડા, ફતેહપુર, બોરદા ગામે આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર તથા ગ્રામ વિકાસ વિભાગના રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં ‘અમૃત કળશ યાત્રા’ યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, આપણા દેશની આઝાદીના ઈતિહાસમાં ધરતી માતાને ગૌરવ અપાવવાનું કામ આપણા વડાપ્રધાનશ્રીએ કર્યું છે. આજે તમે એકત્ર કરેલી ચપટી માટી, આપણી રાજધાની દિલ્લી ખાતે લઈ જવામાં આવશે, અને ત્યાં આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોની યાદમાં ‘અમૃત વન’ બનાવવામાં સિંહફાળો આપશે. ‘મારી માટી, મારો દેશ’ અભિયાન મુખ્ય ઉદેશ દેશની માટીનું ઋણ અદા કરવા, અને આઝાદી માટે ત્યાગ, બલિદાન આપનારા મહાનાયકો, વીરો, શહીદોના સન્માનમાં દેશના તમામ ગામોમાંથી માટીને એકત્રિત કરીને, દિલ્હી ખાતે પહોંચાડવાના હેતુ છે.

# નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને નવસારી ખાતે વાઇબ્રન્ટ નવસારી કાર્યક્રમ યોજાયો

**। નવસારી, તા.૧૪ ।**

રાજ્યમાં વેપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપ વાના ભાગરૂપે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટના ભાગરૂપે આગામી વર્ષે યોજાનાર સમારોહમાં જિલ્લાકક્ષાએથી ઉદ્યોગકારો, વેપાર સમૂહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદ્દેશથી જિલ્લા કક્ષાએ વાઈબ્રન્ટ સમારોહના ઉપલક્ષમાં ‘વાઈબ્રન્ટ ગુજરાત,વાઈબ્રન્ટ નવસારી’ કાર્યક્રમ રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં નવસારી સ્થિત લેઉવા પાટીદાર સમાજ વાડી, તીઘરા ખાતે યોજાયો હતો.

જિલ્લાના ઉદ્યોગકારો વેપારીઓ સાથે B2B અને B2C કાર્યક્રમ અને જિલ્લાના વેપાર ઉદ્યોગ જગતનું તેમજ સરકારના વિવિધ વિભાગોનું પ્રદર્શન પણ યોજાયું હતું. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જાહેર જનતા માટે ૨૫ એક્ઝિબેશન સ્ટોલનું પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ નવસારી કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ મેનેજર અને મહાનુભાવોના હસ્તે ઉદ્યોગકારો સાથે અંદાજીત ૨૧૨ કરોડના ૧૪૬ રૈં કરવામાં આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પ હોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપ ણને ઘણું બધું આપી જાય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

## અંકલેશ્વર એસોસિયેશનના હોદ્દેદારો સાથે બેઠક યોજતા ભારત સરકારના નીતિ આયોગના એડિશનલ સેક્રેટરી અન્ના રોય





। અંકલેશ્વર, તા.૧૪ ।

જિલ્લાના આકાર પામી રહેલા વિવિધ પ્રકલ્પોની સમીક્ષા માટે આવેલ ભારત સરકારના નીતિ આયોગના એડિશનલ સેક્રેટરી અન્ના રોયે અંકલેશ્વર એસોસિયોશનના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં અંકલેશ્વર એસોસિયેશનના હોદ્દેદારો સાથે વર્તાલાપ કરીને ભારતની આઝાદીના અમૃતકાળમાં ઔધાગિક ક્ષેત્રને મજબૂત બનાવીને દેશનો જીડીપી ઊંચો આવે તેવી નેમ વ્યક્ત કરીને ભરૂચને ગ્રોથ હબ સિટી રૂપે વિકસાવવા માટે ઉદ્યોગકારોના સહયોગની કરતા એડિ. સેક્રેટરી અન્ના રોય અપેક્ષા વ્યક્ત કરી હતી

આ બેઠકમાં ઔધાગિક ક્ષેત્રના અગ્રણીઓએ પણ દેશમાં ઔધાગિક ક્ષેત્રે હરણફાળ ભરીને વિવિધ ક્ષેત્રે પ્રગતિ થાય તેવા પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

આ બેઠકમાં નીતિ આયોગના એડવાઈઝરી કમિટીના **ISEG** શ્રી અભિલાષ ભાવે, જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરા અધિક નિવાસી કલેકટર શ્રી એન આર ધાધલ સહીત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને અંકલેશ્વર એસોસિયેશનના પ્રમુખ તથા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.





ગુજરાતમાં સ્વચ્છતાને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સતત ૮ સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મરોલી ગામે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના હેઠળ સ્વચ્છતા હી સેવા નિમિત્તે સુગર પ્રાથમિક શાળામાં સ્વચ્છતાને જીવનનું અભિન્ન અંગ બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા પ્રકલ્પનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત નવસારી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આઠ સપ્તાહ સુધી સ્વચ્છતાને સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે.તાલુકામાં પણ સ્વચ્છતા હી સેવા અભિયાનને સફળ બનાવવા વહીવટી તંત્ર તેમજ વિવિધ વિભાગો સક્રિયતા દાખવી રહ્યા છે. ત્યારે સ્વચ્છતા હી સેવા અંતર્ગત મરોલી સુગર પ્રાથમિક શાળામાં સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. તે ઉપરાંત શાળામાં સ્વચ્છતાને સંલગ્ન ચિત્ર સ્પર્ધા તથા હેન્ડવોસનું મહત્વ સમજવવામાં આવ્યું હતું.

# નવરાત્રિ પર્વ દરમિયાન મહિલા સુરક્ષા માટે તૈનાત અભયમ, ૧૮૧ મહિલા હેલ્પ લાઇન સુરત

। સુરત, તા.૧૪ ।

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને મદદ, માર્ગદર્શન અને બચાવ માટેની અભિનવ હેલ્પ લાઈન એટલે ૧૮૧ મહિલા હેલ્પ લાઈન. જે ૨૪-૭ નિશુલ્ક સેવાઓ આપી રહી છે.

આગામી નવરાત્રિ પર્વ દરમિયાન ગરબા સ્થળે મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવતીઓ ગરબા સ્થળે આવતાં હોય છે જેઓ ને કોઈ મદદ ની આવશ્યકતા પડે તે માટે અભયમ રેસ્કયુ ટીમ મદદ માટે તૈનાત કરવામાં આવી છે જે ગરબાના સ્થળે ફરજ બજાવશે અને કોઈ અનિચ્છનિય બનાવ બને નહી તે માટે રાત્રે બે કલાક સુધી પેટ્રોલિંગ પણ કરશે. અભયમ રેસ્ક્યું ટીમમાં મહિલા કાઉન્સેલર, મહિલા પોલીસ અને પાયલોટ




સેવાઓ પહોચાડવા માટે સજજ કરવામા આવી છે આમ રાજ્યની મહિલાઓને સુરક્ષિત્તાનો અહેસાસ થશે અને નિર્ભય રીતે ગરબાની મઝા માણી શકશે. મહિલાઓએ તકેદારીના ભાગરૂપેને પરિચિત ગ્રૂપ સાથે રહેવા, નિર્ધારિત સમયમાં ઘરે પાછા ફરવા, એકાંત જગ્યાં, રસ્તો કે શોર્ટ કટ અપનાવશો નહી,અજાણી વ્યક્તિ સાથે લિફ્ટ લેવી નહીં, ચા નાસ્તો કે કોલ્ડ ડ્રીંક લેવાનું ટાળવું, અજાણી વ્યક્તિઓને મોબાઈલ નંબર આપવો નહીં વગેરે મુદ્દાઓને અનુસરવા ૧૮૧ ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કોઈ પણ આપત્તિ કે ભય જનક પરિસ્થિતિ સમયે ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં કોલ કરવાથી મદદ મળી શકશે. આ ઉપરાંત આપના સ્માર્ટ મોબાઈલમાં "૧૮૧ અભયમ" એપ્સ ડાઉનલોડ કરવાથી અભયમ સેવાઓ વધુ ઝડપથી મેળવી શકાશે.

### મંત્રી ઋષિકેશભાઈ પટેલ, મુળૂભાઈ બેરા અને હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહેશે

# ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે નવરાત્રી મહોત્સવનું ઉદ્દઘાટન કરશે

## ૧૫ થી ૨૩ ઓક્ટોબર દરમિયાન આયોજિત નવરાત્રી મહોત્સવમાં રાજ્યની સંસ્કૃતિ અને ધરોહરને ઉજાગર કરવામાં આવશે

। અમદાવાદ, તા.૧૪ ।

રાજ્ય સરકારના ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા અમદાવાદ ખાતે તારીખ ૧૫ થી ૨૩ ઓક્ટોબર સુધી નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવરાત્રી મહોત્સવનું ઉદ્દઘાટન ૧૫ ઓક્ટોબરના રોજ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે રાત્રે ૮:૩૦ કલાકે કરશે. આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી અને અમદાવાદના પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રવાસન મંત્રી શ્રી મુળૂભાઈ બેરા, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્યકક્ષા) વિભાગના રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. અમદાવાદનાં સંસદસભ્યશ્રી કિરીટભાઈ સોલંકી અને હસમુખભાઈ પટેલ, અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન પણ ઉપસ્થિત રહેશે.

ઉદ્દઘાટન સમારંભમાં 'શક્તિરૂપેણ સંસ્થિતા'ની થીમ પર મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતીનું આયોજન પણ કરવામાં આવ્યું છે. નવરાત્રી મહોત્સવના મુખ્ય આકર્ષણ અંતર્ગત એન્સિલરી સ્ટેજ પર રાજ્યકક્ષાની ગરબા સ્પર્ધા તારીખ ૧૬ થી ૨૩ ઓક્ટોબર સુધી દરરોજ સાંજે ૬ કલાકથી શરૂ થશે. આ ઉપરાંત



તારીખ ૧૬ થી ૨૩ ઓક્ટોબર સુધી દરરોજ સાંજે ૯ કલાકથી રાત્રિના ૧૨ કલાક દરમિયાન પરંપરાગત શેરી ગરબાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સુપ્રસિદ્ધ ગરબા ગાયકોના સુમધુર આવાજ અને સંગીતના સાધનોના લયબદ્ધ તાલ પર હજારોની સંખ્યામાં ખેલૈયાઓ ગરબા રમશે. શેરી ગરબામાં ભાગ લેવા માટે ખૈલેયાઓએ પરંપરાગત વસ્ત્રો પહેરવા હોવા જરૂરી છે. એટલું જ નહિ, ૧૬ થી ૨૩ ઓક્ટોબર દરરોજ રાત્રે ૧૧:૪૫ કલાકે મહાઆરતીનું પણ સુંદર આયોજન કરાયું છે. તારીખ ૧૫ થી ૨૩ ઓક્ટોબર સુધી દરરોજ સાંજે ૫ થી ૧૨ કલાક સુધી થીમ પેવેલિયન, ક્રાફ્ટ બઝાર, ફૂડ સ્ટોલ્સ, આનંદ નગરી, બાલ નગરી, સાબરમતી આશ્રમ જેવાં થીમ આધારિત ગેટ, અટલ બ્રિજ, દાંડિયા દ્વાર, 'દીયા' અને 'કળશ' સહિતનાં મુખ્ય આકર્ષણો રાખવામાં આવ્યા છે. ભારતના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને ઉજાગર કરતા વિવિધ સ્થળો અને ઘટનાઓ જેવી કે, ચાર વેદ, રામ મંદિર, મોઢેરા સૂર્ય મંદિર, ચંદ્રયાન, તેજશ (પ્લેન), રમત-ગમત ક્ષેત્રે પ્રસિધ્ધ ખેલાડીઓના જીવનની ઝલક, માઁ આધ્યશક્તિનાં નવ સ્વરૂપો, સ્ટેચ્યૂ ઑફ યૂનિટી, થિમેટીક ટનલ સહિતની થીમ આધારિત વિવિધ સ્થળોની ઝાંખીનું પણ આયોજન હાથ ધરાયું છે. ખાણી-પીણીના શોખીન ગુજરાતીઓની રૂચિ અને રાજ્યના વિવિધ સ્થળોની વિશિષ્ટ વાનગીઓને ધ્યાનમાં રાખીને ફૂડ સ્ટોલ્સ ખોલવામાં આવ્યા છે. ખૈલેયાઓ ગરબાની ધૂમ અને થકાવટની વચ્ચે ગુજરાતની વિવિધ વાનગીઓના સ્વાદની મજા ઉઠાવીને ફરીથી સ્ફુર્તિ અનુભવી શકશે.

ગુજરાતની હસ્તકળા અને તેના કારીગરોને પ્રોત્સાહન આપ વાના ઉદ્દેશથી સ્ટોલ્સ લગાવવામાં આવશે. જેના માધ્યમથી નાગરિકોને ગુજરાતની અનોખી હસ્તકળા કારીગરીથી રૂબરૂ થવાની તક સાંપડશે તેમજ કારીગરોને પણ પોતાના ઉત્પાદનોનું વેચાણ કરવા માટે સારું પ્લેટફોર્મ મળશે. ખુલ્લા આકાશની નીચે વિશાળ મેદાનમાં ઝગમગાટ કરતી રોશનીની વચ્ચે રંગબેરંગી વસ્ત્રોમાં સજેલા હજારો યુવાનોના જોશનું પ્રદર્શન એટલે ગુજરાતના ગરબા. શ્રધ્ધા, ભક્તિ અને ઉમંગના આ નજારાને પોતાની આંખોથી જોવા માટે દેશ-વિદેશના હજારો પ્રવાસીઓ ગુજરાતની ધરતી પર આવશે.

# ભારત સરકારના નીતિ આયોગના એડિશનલ સેક્રેટરી અન્ના રોયના અધ્યક્ષસ્થાને ભરૂચ જિલ્લાના વિકાસ પ્રકલ્પો અંગે બેઠક યોજાઈ

। ભરૂચ, તા.૧૪ ।

ભારત સરકારના નીતિ આયોગના એડિશનલ સેક્રેટરી અન્ના રોયના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરીના વિસી રૂમમાં ખાતે જિલ્લા વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે ભરૂચ જિલ્લાના વિકાસ પ્રકલ્પો અંગે બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારના સહયોગથી નિર્માણાધિન વિકાસ પ્રકલ્પો વિષે જાણકારી મેળવી હતી. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી તુષાર સુમેરાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા **Bharuch To be a Growth Hub ( G-Hub)** ની સંકલ્પનાની જાણકારી




આપીને જિલ્લામાં આકાર પામી રહેલા નવા આયામોની વિસ્તૃત જાણકારી આપી હતી. જંબુસરમાં આકાર લઈ રહેલા બલ્ક ડ્રગ પાર્ક, ભાડભૂત બેરેજ યોજના, ભરૂચમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે,અંકલેશ્વરમાં એરસ્ટ્રીપ અંગેનો પ્રગતિ,દહેજ ખાતેનો ૧૦૦ એમએલડી ડીસેલીનેશન પ્લાન્ટ, જીઆઈડીસી અંતર્ગત રાજપારડી ખાતે લિગ્નાઈટ પ્લાન્ટ, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, પ્રવાસનને લગતા પ્રગતિ હેઠળના પ્રોજેક્ટો અંગે તલસ્પર્શી જાણકારી આપી હતી, આ પ્રકલ્પો સાકાર થવાથી જિલ્લાના થનારા સર્વાંગી વિકાસની રૂપ રેખા રજૂ કરી હતી. આ બેઠકમાં નીતિ આયોગના એડવાઈઝરી કમિટીના **ISEG** શ્રી અભિલાષ ભાવે, અધિક નિવાસી કલેકટર શ્રી એન આર ધાધલ તથા જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિશેષ

### નર્મદા જિલ્લાના સાગબારા અને દેડિયાપાડા ખાતે કિશોરી મેળો યોજાયો

# વિવિધ વિભાગના અધિકારીશ્રીઓએ ઉપસ્થિત કિશોરીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે માહિતી પુરી પાડી







મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી નર્મદા, આઈ.સી.ડી.એસ. કચેરી સાગબારા અને દેડિયાપાડા તાલુકાના સંયુક્ત ઉપક્રમે તા.૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત કિશોરી મેળો-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. સાગબારા તાલુકાના સરકારી વિનયન કોલેજ પાનખલા અને દેડિયાપાડા તાલુકાના **BRC** ભવન ખાતે યોજાયેલા કિશોરી મેળામાં વિવિધ વિભાગોમાંથી પધારેલ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ દ્વારા પોતાના વિભાગની વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવી હતી. તેમજ આઈ. સી.ડી.એસ.ની સેવાઓ તથા યોજનાઓ, આરોગ્ય, પોષણ-શિક્ષણ, ઘરેલુ હિંસા, **ICDS** ના મુખ્ય સેવિકા દ્વારા સેલ્ફ ડિફેન્સની ટેકનિક, સેફ ટચ, તેમજ અન્ય મહિલાલક્ષી યોજનાની વિસ્તૃતમાં કિશોરીને જાણકારી આપવામાં આવી હતી તથા આરોગ્ય વિભાગ દ્વારા કિશોરીનું **HB**, વજન-ઊંચાઈ તથા **BMI** કરવામાં આવ્યું હતું. આ મેળામાં અંદાજીત ૨૫૦ જેટલી કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લિધો હતો. તથા વિવિધ વિભાગો દ્વારા ચાલતી યોજનાઓ અંગેના સ્ટોલ મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત જે કિશોરીનું **HB** વધારે હતું તેમને પૂર્ણા કપથી સન્માનિત કરાયા હતાં. તેમજ ધોરણ-૧૦ અને ૧૨ માં વધારે ટકા મેળવેલી કિશોરીઓને ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. ઉપસ્થિત મહેમાનો તથા કિશોરીઓ દ્વારા **Selfie** પોઈન્ટ પર **Selfie** લેવામાં આવી હતી. આ કિશોરી મેળામાં તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, મહિલા અને બાળ અધિકારીની કચેરીના પ્રતિનિધિશ્રીઓ, બાળ સુરક્ષા એકમના અધિકારીશ્રી, અદાણી ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ઓફિસરશ્રી, **AKRSP** સાગબારાના પ્રતિનિધિ, આરોગ્ય વિભાગના કર્મચારીશ્રીઓ, આઈ.સી.ડી. એસ. કચેરીનો સ્ટાફ તથા બાળ વિકાસ યોજનાના અધિકારીશ્રી સહિત મોટી સંખ્યામાં કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હતાં.




# ભારત-પાકિસ્તાન મેચ નિહાળવા વિશ્વભરમાંથી ચાહકો આવ્યા

## અમેરિકા, યુકે અને ઓસ્ટ્રેલિયાથી સૌથી વધારે લોકો આવ્યા, ત્રણ દિવસમાં ૧,૨૨૯ હોટલોમાં ૨૧,૭૩૯ હોટેલ રૂમો બૂક

। અમદાવાદ, તા.૧૪ ।

હાલમાં અમદાવાદ ક્રિકેટના રંગે રંગાઈ ગયું છે કેમ કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શનિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચ વર્લ્ડ કપ ૨૦૨૩નો હાઈવોલ્ટેજ મુકાબલો રમાયો છે. આ મેચ જોવા માટે વિશ્વના ઘણા દેશોમાંથી ક્રિકેટપ્રેમીઓ અહીં આવ્યા છે. આ ક્રિકેટ પ્રેમીઓ ક્રિકેટના આ મહામુકાબલાના સાક્ષી બનવા ઈચ્છે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના રેકોર્ડ મુજબ, અમદાવાદમાં શુક્રવારે સાંજે ૬ વાગ્યા સુધી છેલ્લા ત્રણ દિવસમાં ૧,૨૨૯ હોટલોમાં ૨૧,૭૩૯ હોટેલ રૂમો બૂક થઈ ગયા છે. દેશના દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી લગભગ ૩૮,૦૦૦ થી વધુ ક્રિકેટ પ્રેમીઓ આ મહામુકાબલાના સાક્ષી બનવા માટે શહેરની હોટલોમાં ચેક-ઈન કરી ચૂક્યા છે. ગુજરાતીઓ ઉપરાંત શહેરની હોટલોમાં ચેક ઈન કરનારા મહત્તમ ક્રિકેટ પ્રેમીઓ મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનથી આવ્યા છે. ગુજરાત અને ભારત જ નહીં પરંતુ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ જોવા માટે વિદેશથી પણ ક્રિકેટ પ્રેમીઓ અમદાવાદ આવ્યા છે. ૧૧ અને ૧૩ ઓક્ટોબર વચ્ચે એકત્ર કરાયેલા આંકડાઓ અનુસાર અમદાવાદમાં ૨૭૬ રૂમમાં ૩૯૦ જેટલા વિદેશી નાગરિકોએ ચેક ઈન કર્યું છે.

ભારત અને પાકિસ્તાનની મેચ ખરેખર સીમાઓ વટાવી ગઈ છે. આ મેચ જોવા માટે વિદેશથી જે ક્રિકેટ પ્રેમીઓ આવ્યા છે તેમાં યુકેના સૌથી વધારે છે. યુકેના ક્રિકેટ પ્રેમીઓએ ૪૫ રૂમ બુક કરાવ્યા છે, ત્યારબાદ યુનાઈટેડ સ્ટેટ્સના ક્રિકેટ પ્રેમીઓ દ્વારા ૩૪ રૂમ બૂક કરાવ્યા છે. આ ઉપરાંત નેપાળ, જાપાન, અલ્જેરિયા અને સિંગાપોરથી પણ ક્રિકેટ પ્રેમીઓ આ મેચ જોવા માટે આવ્યા છે. રશિયા, આયર્લેન્ડ, તાન્ઝાનિયા, યુએઈ અને અન્ય કેટલાક દેશોના ક્રિકેટ ફેન્સ પણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જોવા મળ્યા. પોલીસે જણાવ્યું હતું કે, મોટા ભાગના રૂમો ક્રિકેટ પ્રેમીઓ દ્વારા બૂક કરવામાં આવ્યા છે. કેટલાક સિંગલ રૂમ પણ પાંચ લોકો દ્વારા બૂક કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, એનઆરઆઈ અને વિદેશના નાગરિકો નવરાત્રીનો આનંદ માણવા માટે પણ ગુજરાત આવ્યા છે. જેમાંથી અમેરિકા, યુકે અને ઓસ્ટ્રેલિયાથી સૌથી વધારે લોકો આવ્યા છે. આ વખતે અલ્બાનિયા, ઉઝબેકિસ્તાન, અમેરિકન સામોઆ, એરિટ્રિઆ, હોંગકોંગ, કોરીયા અને પાપુઆ ન્યૂ ગિની જેવા દેશોમાંથી પણ કેટલાક લોકોએ શહેરમાં રૂમ બૂક કરાવ્યા છે. અમારું માનવું છે કે તેઓ વર્લ્ડ કપની મેચ જોવા માટે આવ્યા છે.



અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વર્લ્ડ કપ ભારત પાકિસ્તાનની મેચ જોવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી તેમજ સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતાં.













# મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ આવી પહોંચી હતી સ્પેશિલ ટ્રેન

## રેલ્વે દ્વારા મેચના દર્શકોને લઈ અનોખું આયોજન કરાયું છે, જે અંતર્ગત મુંબઈ સેન્ટ્રલથી સ્પેશિલ ટ્રેન અમદાવાદ આવી પહોંચી હતી

। અમદાવાદ, તા.૧૪ ।

વર્લ્ડકપમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો રમાશે. આ માટેની સ્પેશિયલ ટ્રેન આજે વહેલી સવારે અમદાવાદ રેલવે સ્ટેશન પર આવી પહોંચી હતી. મુંબઈથી રાત્રે નિકળેલી ટ્રેન સવારે ૫.૩૦ કલાકે અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચી હતી. ટ્રેનમાં મુંબઈથી તેમજ અલગ-અલગ જગ્યાએથી દર્શકો મેચ જોવા મોટી સંખ્યામાં આવ્યા છે. રેલ્વે દ્વારા મેચના દર્શકોને લઈ અનોખું આયોજન કરાયું છે. જે અંતર્ગત મુંબઈ સેન્ટ્રલથી સ્પેશિલ ટ્રેન અમદાવાદ આવી પહોંચી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચે આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેગા મુકાબલો રમાશે. સટ્ટા બજારમાં ભારત મેચ જીતવા હોટ ફેવરીટ છે. દર્શકોને સવારે ૧૦ વાગ્યાથી સ્ટેડિયમમાં એન્ટ્રી આપવામાં આવશે. મેચ જોવા માટે ઘણા ફિલ્મ સ્ટાર્સ, રાજનેતાઓ અને VIP મહેમાનો પણ આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨